
ભૂગોળ વિદ્યા.

મુંબઈ શેહેરનાં વર્ણન સુધાં.



મુંબઈ,

દફતર આશકારા છાપાખાનામાં છાપ્યું છે.

સને ૧૮૯૩.

પરવર

ભૂગોળ વિંદ્યા.

પ્રકરણ ૧ લું.

પૃથ્વિનો આકાર.

આપણે સઘળાં પૃથ્વિ ઉપર વસીયે છીયે. એ પૃથ્વિને લગતું જે બયાન તેને ભૂગોલવિદ્યા કહેછે. પૃથ્વિનો આકાર ગોલ દડાના જેવો છે. તેની સાબેતીઓ આ પ્રમાણે છે:—આપણે વહાણમાં બેસીને તેની આસપાસ ફરી આવ્યે, તો જે જગાએથી આપણે નિકલ્યા હોઇયે તેજ જગાએ પાછા આવ્યે છીયે. ચંદ્ર ગ્રહણની વખતે પૃથ્વિનો ઓલો ચંદ્ર ઉપર પડેછે, તેનો આકાર ગોળ હોયછે. જે એક તારો ઉત્તર ધૃવ તરફ છે, તે જેમ આપણે ઉત્તર તરફ જઇયે, તેમ તેમ તે ઉંચો દેખાતો જાયછે. પૂર્વ તરફના દેશો કરતાં પસ્ચિમ તરફના દેશોમાં સૂરજ મોડો ઉગેછે. દરિયામાંથી એક વાહાણ ચાલી આવતું હોય, ત્યારે પેહેલો તેનો સડ દેખાયછે, અને પછી તેનું ખોખું દેખાયછે; તેમજ વાહાણ જ્યારે ચાલે-છે, ત્યારે ઘણું દુર જવા પછી પ્રથમ તેનું ખોખું દેખાતું નથી, અને પછી તેના સડ દેખાતા નથી.

દિશાઓ.

દિશા **ચાર** હોયછે; **પૂર્વ**, **પશ્ચિમ**, **ઊત્તર** અને **દક્ષિણ.** જે તરફ સહવારના સૂરજ ઉગેછે તેને **પૂર્વ દિશા** કહેછે. જે તરફ સાંજે સૂરજ અસ્ત પામેછે તેને **પશ્ચિમ દિશા** કહેછે. પૂર્વ દિશા તરફ મોડું કરીને ઉભા રહ્યે, ત્યારે જમણા હાથ તરફ **દક્ષિણ દિશા**, અને ડાબા હાથ તરફ **ઊત્તર દિશા** આવે.

ચાર દિશાઓની વચે **ચાર** ખુણા હોયછે. પૂર્વ અને દક્ષિણ દિશાની વચેનાં ખુણાને **અગ્નિ** ખુણો કહેછે. દક્ષિણ અને પશ્ચિમની વચેનાં ખુણાને **નૈરૂત્ય** ખુણો કહેછે. પશ્ચિમ અને ઉત્તરની વચેનાં ખુણાને **વાવ્ય** ખુણો કહેછે. ઉત્તર અને પૂર્વની વચેનાં ખુણાને **ઈસાન** ખુણો કહેછે.

નકશામાં ઉત્તર દિશા ઉપલા ભાગ તરફ, દક્ષિણ દિશા નીચલા ભાગ તરફ, પૂર્વ દિશા જમણા હાથ તરફ અને પશ્ચિમ દિશા ડાબા હાથ તરફ હોયછે.

પૃથ્વિની સપાટી.

પૃથ્વિની સપાટી **પાણી** અને **જમીનની** બનેલીછે. તેમાં આશરે ત્રણ ભાગ પાણી અને એક ભાગ જમીન છે.

જમીનનું વર્ણન.

જમીન મટોડાંની બનેલી હોયછે. તે પર ડુંગરો તથા ઝાડો વગેરે હોયછે. તેના કેટલાક ભાગપર માણસો, શેહેરો અને ગામો કરીને વસેછે. જનાવરો જંગલોમાં વસેછે, અને કેટલાંક માણસો સાથે પણ રહેછે. જ્યાં

થોડાંક માણસો આશરે દશ પંદર ઝુપડાં નાખીને વસેછે, તેને **ગામડું** કહેછે. જ્યાં તેથી થોડાંક વધારે માણસો વધારે ઝુપડાં નાખીને રહેછે, તેને **ગામ** કહેછે. ગામ કરતાં જ્યાં વધારે વસ્તી હોય તેને **કસ્બો** કહેછે. જ્યાં કસ્બા કરતાં પણ વધારે માણસની વસ્તી હોય, મોટી મોટી ઈમારતો અને તેના ઘણાક મોહોલાઓ હોય, તથા મોટાં મોટાં બજારો હોય તેને **શેહેર** કહેછે.

થોડાંક ગામ તથા ગામડાં મળીને એક **તાલુકો** થાયછે. થોડાક તાલુકા મળીને એક **જીલો** થાયછે. અને તેનું એકેકું મુખ્ય શેહેર હોયછે. એવા થોડાક જીલા મળીને એક **પ્રાંત** થાયછે. કેટલાક પ્રાંત મળીને એક **ઈલાકો** થાયછે અથવા **દેશ** થાયછે. કેટલાક દેશો મળીને એક ખંડ થાયછે. આખી પૃથ્વિ ઉપર **પાંચ** ખંડો છે: તેનાં નામ—**એશિયા, યૂરોપ, આફ્રિકા, અમેરીકા** અને **આસ્ત્રેલ્યા**. એમાંના ચાર ખંડ,—એશિયા, યૂરોપ, અમેરિકા અને આસ્ત્રેલ્યા, પૃથ્વિના અર્ધા ભાગમાં છે, અને બીજા અર્ધા ભાગમાં એકલો અમેરિકા ખંડ છે. પૃથ્વિના એ અર્ધા ભાગને **ગોલાર્ધ** કહેછે. એકને **પૂર્વ ગોલાર્ધ**, અને બીજાને **પશ્ચિમ ગોલાર્ધ** કહેછે. પૂર્વ ગોલાર્ધને **જુની દુન્યા** કહેછે કેમકે તેમાંના ચારે ખંડો અસલના વખતથી જણાયલાછે. પશ્ચિમ ગોલાર્ધને **નવી દુન્યા** કહેછે, કેમકે તેમાંના અમેરિકા ખંડને છેક પછવાડેથી શોધી કાહાડવામાં આવ્યોછે. કોલમ્બસ નામના એક પુરૂષે એ ખંડ ૧૪૯૨ નાં વરસમાં શોધી કાહાડયો હતો. દરેક ગોલાર્ધમાં જેટલી જમીન છે તેટલીને **માહાદ્વિપ કહેછે.** માહાદ્વિપ એટલે મોટો બેટ.

જમીનનો એક ભાગ એવો હોય, કે જેની ચારે બાજુએ પાણી આવેલું હોય તેને **દ્વિપ** અથવા **બેટ** કહે છે. જમીનનો એક ભાગ એવો હોય, કે તેની ત્રણ બાજુએ પાણી અને એક બાજુએ જમીન હોય, તેને **દ્વિપકલ્પ** કહેછે. જમીનનો એક સાંકડો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધતો હોય તેને **સંયોગીભૂમી** કહે છે. જમીનની જરા અણી નીકલીને સમુદ્રમાં ગયલી હોય તેને **ભૂશિર** કહેછે. પૃથ્વિ ઉપર જે ઉંચા ટેકરા હોય તેને **ડુંગર** કહેછે. ડુંગર કરતાં ઘણા વધારે ઉંચા ટેકરા, હોય તેને પાહાડ કહેછે; કેટલાક ડુંગર અથવા પાહાડ એક બીજા સાથે જોડાઇ જઇને તેની લાંબી હાર થયલી હોય તેને **પર્વત** કહેછે.

જમીન ઉપર કેટલેક ઠેકાણે ઉંડી જગામાં પુષ્કલ પાણી ભરાઇ રહેલું હોયછે તેને, અથવા એક પાણીનો ભાગ ચારે બાજુએ જમીનથી ઘેરાયલો હોયછે તેને **સરોવર** કહેછે. પાણીનો એક પ્રવાહ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીકલી, ઢોલાવદાર જગાપર રહીને સમુદ્રની માહે ખાલી થાયછે, તેને **નદી** કહેછે. જે ઠેકાણેથી નદી નીકલેછે, તે ઠેકાણાંને **નદીનું મુળ** કહેછે, જે ઠેકાણે નદી સમુદ્રમાં ખાલી થાયછે, તે ઠેકાણાંને **નદીનું મુખ** કહેછે. પર્વતો ઉપર બરફ પડેછે, અને સૂરજની ગરમીથી જ્યારે તે પીઘલીને તેનું પાણી થાયછે, ત્યારે તે નદીના આકારમાં વેહવા માડેછે. નદીનાં પાણી મીઠાં હોયછે. મોટી નદીઓમાં કેટલેક સુધી વહાણો તથા આગબોટો ચાલી શકેછે. નાની નદીને **નાળું**

કહેછે. નદીનું મુખ એટલું પોહોલું હોય કે, દરિયામાં થતી ભર્તીનું પાણી તેમાં કેટલેક સુધી ચાલી આવે, તેને **ખાડી** કહેછે. જે જગાએથી બે નદીઓ એકઠી મળી જાયછે, તે જગાને **સંગમ** કહેછે. પાસે પાસે આવેલી બે નદીઓની વચેની જગાને **દુઆબ** કહેછે.

બે ડુંગરો અથવા પર્વતોની વચેની જગાને **ખીણ** કહેછે. બોહોલા વિસ્તારની સપાટ જમીનને **મેદાન** કહેછે. પર્વતો ઉપરની સપાટ જમીનને **ઊંચ મેદાન** કહેછે. રેતીનાં મેદાનને **રણ** કહેછે. ઝાડોનાં જંગલને **વન** કહેછે.

પાણીના ભાગ.

પૃથ્વિની સપાટી ઉપર જે ખારૂં પાણી છે, તેના પાંચ ભાગ કરયાછે. તે દરેક ભાગને **મહાસાગર** કહેછે. મહાસાગર એટલે **મોટો દરિયો.** મહાસાગર કરતાં નાના પાણીના ભાગને **સમુદ્ર** કહેછે. દરિયાનાં પાણી ખારાં હોયછે, તે હંમેશ હાલ્યા કરેછે, તેમાં ભર્તી ઓટ થાયછે, અને તેમાં માછલાં પાકેછે. તેમાં વાહાણો અને આગબોટો ચાલેછે, અને તેમાં બેસીને એક દેશથી બીજે દેશ આવજાવ કરી શકાયછે. સમુદ્રનો એક ફાંટો જમીન ઉપર લાંબે સુધી ચાલી ગયલો હોય, તેને **અખાત** કહેછે. અખાતનું મોડું, એટલે તેનો **સમુદ્ર** તરફનો ભાગ ઘણો પોહોલો હોય તેને **ઊપસાગર** કહેછે. પાણીનો એક નાનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધેછે, તેને **સામુદ્રધુની** કહેછે.

પ્રકરણ ૨ જું.

મુંબઈ શેહેર.

મુંબઈ શેહેર હિંદુસ્થાનના પશ્ચિમ કાંઠા ઉપર આવેલુંછે. એ શેહેર આખાં હિંદુસ્તાનમાં સર્વેથી મોટું છે, એમાં ઘણા લોકની વસ્તી છે, અને એમાં ઘણો બોહોલો વેપાર ચાલેછે. એ શેહેર બસો વરસની આગમચ એક નાહનું ગામડું હતું, અને તેમાં થોડાક મછીમાર લોકો વસતા હતા. એ શેહેર પ્રથમ પોર્ટુગીઝ લોકોના તાબામાં હતું. પોર્ટુગલના રાજાની છોકરી નામે ઇનફનટા કેથરીનનાં લગન ઈંગલંડના બીજા ચારલ્સ રાજા સાથે થયાં ત્યારે ૧૬૬૧ નાં વરસમાં એ શેહેર અંગ્રેજ સરકારને રીતમાં આપ્યું હતું, અને ત્યારથી તે ઉપર અંગ્રેજી રાજ ચાલુ થયુંછે, તે આજસુધી છે. એ શેહેરમાં જ્યારથી અંગ્રેજી રાજ ચાલુ થયું ત્યારથી તેમાં સુધારાઓ થવા લાગ્યા તથા વેપાર વધવા લાગ્યો. આજે એ શેહેર આખાં હિંદુસ્તાનમાં સર્વેથી મોટું થઇ પડયુંછે, અને ઘણું આબાદ હાલતમાં આવ્યુંછે, તે અંગ્રેજી રાજના પ્રતાપથી છે.

મુંબઇની આસપાસ સઘળે દરિયો છે. તેથી એને બેટ કહેછે. પૂર્વ દિશાએ બંદર છે, તે ઘણું મોટું અને સરસ છે. તેમાં આખી દુન્યા ઉપરનાં વાહાણો તથા આગબોટો આવીને લાંગરેછે, તથા ત્યાંથી માલ ભરી દેશાવરો ખાતે જાયછે. બીજી ત્રણ બાજુએ પણ દરિયોજ છે, પણ ત્યાં સઘળે વાહાણો રહેતાં નથી, કેમકે તેમને

ત્યાં તોફાનથી બચવાનો ઓથો નથી. મુંબઈની આસપાસના દરિયાને **આરબી સમુદ્ર** કહેછે.

મુંબઈ શેહેરની લંબાઈ ૬ માઈલ, તથા ઘણામાં ઘણી પોહોલાઈ ૩ માઈલની છે. તેમાં કોલાબુ, કોટ, બાહારકોટ, ધોબીતલાવ, ચરણીવાડી, ગીરગામ, ચોપાટી, વાલકેશ્વર, ખેતવાડી, ગોવાળ્યા, મહાલક્ષ્મી, માંડવી, પાયધોની, ભાંયખલા, મજગામ, પરેલ વગેરે મોટા લત્તાઓ છે. એ લત્તાઓ ઉપર લોકનાં ઘણાંક ઘરો તથા બંગલાઓ છે. કેટલીક ખાનગી તથા સરકારી ઈમારતો ઘણી મોટી અને શોભાયમાન છે. લોકને સરસામાન ખરીદવાને એ લત્તાઓ ઉપર ઘણાંક બજારો છે, તેમાં કેટલાંક ઘણાં મોટાં છે. બાહારકોટ ખાતે કાપડ બજાર અને કોટ ખાતે અંગ્રેજ બજાર સર્વેથી મોટાં છે. ગોસ્ત, તરકારી વગેરેનું સર્વેથી મોટું બજાર ક્રાફર્ડ માર્કેટ છે.

મુંબઈમાં ધોબીતલાવ, બાબુલા તલાવ, સાંકલી તલાવ વગેરે કેટલાંક તલાવો છે. વાલકેશ્વર, મહાલક્ષ્મી, અને સીવરીના ડુંગરો છે. એ ડુંગરો ઉપર ઘણાક લોકો બંગલા બાંધીને રહેલાછે. પશ્ચિમ તરફનો દરિયો અખાતરૂપે છે, તેને **બેક બે** કહેછે. પૂર્વ તરફનાં બંદરનાં એક બે ખડકો બેટરૂપે છે. મહાલક્ષ્મી અને વરલી વચેનો પુલ સંયોગીભૂમીને આકારે છે. કોલાબા અને વાલકેશ્વરની અણીઓ ભૂશીરરૂપે છે. કોલાબાનો સાંકડો છેડો દ્વિપકલ્પને આકારે છે.

મુંબઈ શેહેરની વસ્તી આશરે આઠ લાખ માણસની છે. તેમાં યૂરોપ્યન, પારસી, હિંદુ, મુસલમાન, ફરંગી,

યાહુદી વગેરે જાતના લોકો છે. એઓમાંના કેટલાકો વેપાર કરેછે, કેટલાકો સરકારી તથા ખાનગી નોકરીઓ કરેછે, અને કેટલાકો તરેહવાર જાતની કારીગીરી બનાવેછે તથા બીજી જાતનો ઉદ્યોગ કરેછે. ગરીબ લોકો મેહેનત મજુરી કરેછે.

મુંબઇથી રૂ, અલસી વગેરે ઘણીક જાતની જણસો વેપારને અર્થે વેલાત જાયછે, અને ત્યાંથી કાપડ, લોહોડાં-કામ, બીલોરકામ વગેરે ઘણીક પ્રકારની બનાવટો મુંબઇમાં આવેછે. ચીન ખાતે અફીણ ઘણું જાયછે, અને ત્યાંથી રેશમી કાપડ, ચા, વગેરે કેટલીક વસ્તુઓ આવેછે. રૂ કાંતવાનાં તથા કાપડ બનાવવાનાં વેલાતના જેવાં કેટલાંક કારખાનાઓ મુંબઇમાં પણ ચાલેછે, અને તેમાં વણાયલું કાપડ ઘણું ખપેછે. ચીન અને વેલાત સીવાય બીજા ઘણાક દેશો ખાતેથી તરેહવાર વસ્તુઓ મુંબઇમાં આવેછે, અને ત્યાંથી ઘણી જાતની વસ્તુઓ તે તરફ જાયછે. મુંબઇમાં લાકડાંપર કોતરકામ તથા હાથીદાંતનું નકસી-કામ ઘણું સરસ થાયછે, અને તે બધે વખણાયછે.

લોકના જાનમાલનાં રક્ષણને સારૂં મુંબઇમાં મોટું પોલીસખાતું છે. ઇનસાફ કરવાને પોલીસ કોર્ટ તથા હાઇ કોર્ટ વગેરે અદાલતો છે. તકસીરવારોને કેદ રાખ-વાને બે મોટી તુરંગો છે. લોકની તનદરોસતીની જાળ-વણી કરવા તથા શેહેરમાં સફાઇ વગેરે રાખવાને એક મોટું મ્યુનીસીપલ ખાતું છે.

મુંબઇમાં છોકરાઓ તથા છોકરીઓને કેળવણી આપવાને મોટી મોટી ઘણીક નિશાળો તથા છોકરાઓને

ઉંચી કેળવણી આપવાને મોટી પાઠશાળાઓ છે. હાથની કારીગીરીઓ શીખવવાને એક હુન્નરશાળા છે. ખરાબ ચાલના છોકરાઓને બંધીમાં રાખી હુન્નર શીખવવાની એક ઉદ્યોગશાળા છે. છોકરાંઓને કસરત કરવા માટે એક બે કસરતશાળા છે. લોકોને ગમત મેળવવા માટે કેટલીક નાટકશાળાઓ છે. લોકને ફરવા હરવા માટે કેટલાક બાગો છે, જેમાં વિકટોરીયા ગારડન અથવા રાણીનો બાગ સર્વેથી મોટો તથા ઘણો રલીઆમણો છે. ગરીબ લોકને મુફત દવા આપવાને તથા તેમની બરદાસ્ત કરવાને કેટલીક મોટી હાસ્પીટાલ છે; જેમાંની એક આંખના દરદીઓને માટે છે, એક દેવાના માણસોને રાખવાની છે, અને બાકીની સઘળી જાતના દરદીઓની દવા કરવા માટેની છે. લોકના કાગલપત્રો તથા સંધેશાઓ દેશ પરદેશ પોંહોંચાડવાને તથા ત્યાંથી લાવીને તેમને પોંહોંચાડવાને પોસ્ટ આફીસ તથા તાર આફીસો છે. લોકને એક શેહેરથી બીજે શેહેર લાવ લઇ જાવ કરવાને બે મોટા રેલવે છે; તેમાં બેસીને ઘણા લોકો પુણા, કલકત્તા, મદરાસ, સુરત, ભરૂચ, અમદાવાદ વગેરે ઘણાંક શેહેરો ખાતે આવજાવ કરેછે. શેહેરની અંદરના ભાગમાં લોહડાંના પાટા નાખી તે પર ઘોડાની ગાડીઓ ફરેછે, તેને ત્રામવે કહેછે. નવાં વહાણ તથા આગબોટ બાંધવાને એક ગોદી છે. વહાણ તથા આગબોટોમાં પરદેશથી ભરાઇ આવેલા માલને ખાલી કરવાને તથા પરદેશ લઇ જવાનો માલ તેમાં ભરવાને બે મોટી ગોદી તથા કેટલાક ડક્કાઓ છે. પૈસાનાં લેણદેણ માટે, તથા નાણા અનામત અને વ્યાજે

મેળવા માટે કેટલીક બેંક, એટલે શરાફી પેહેડીઓ છે. શેહેરના લોકને પાણી પોહોંચાડવાને મુંબઈથી થોડેક દુર તાનસા, વેહાર અને તુલસી નામનાં મોટા તલાવો બાંધેલાછે, અને જમીનમાં લોહડાંનાં નળો દાટી તેની મારફતે તેમાંનું પાણી શેહેરમાં લાવેછે. રાત્રે લોકોને અજવાળું પડવા માટે આખાં શેહેરમાં ગ્યાસના દીવા કરવામાં આવેછે. તે ગ્યાસ બનાવવાનું એક કારખાનું પરેલ ખાતે છે.*

મુંબઈ શેહેર મુંબઈ ઈલાકાની રાજધાની છે, અને તેમાં એક ગવરનર રહેછે, જેનો હોકમ એ આખા ઈલાકા ઉપર ચાલેછે. ગવરનરને સલાહ આપવાને તથા અગતના ધારાઓ બાંધવાને એક મંડળી છે, જેમાં કેટલાક અંગ્રેજ અને કેટલાક દેશી અધીકારીઓ છે.

મુંબઈની આસપાસ દરિયો આવવાથી તેની હવા તનદરોસ્તીના બાબમાં સારી ગણાયછે. પણ તેના કેટલાક ભાગો ઉપર વસ્તી ઘણી ઘીચ હોવાથી ત્યાં વસનારા લોકની તનદરોસ્તી ઘણું કરીને સારી રેહતી નથી. મુંબઈમાં મુખ્ય કરી ત્રણ રૂતુઓ થાયછે. જુન માસની શરૂઆતથી અકટોબર માસની શરૂઆત સુધી ચોમાસું ચાલેછે. નવેમબરથી ફેબરવારી સુધી શીયાળો, અને માર્ચથી મે મહીના સુધી ઉનાલો ચાલેછે. સખતમાં સખત ગરમી મે તથા અકટોબર માસમાં પડેછે. એ વેળાએ ઘણીખરી નિશાળો તથા સરકારી આફીસોમાં રજા આપવામાં આવેછે.

---

* ઉપલી જગ્યાઓ કયાં છે તે શીક્ષકે નીશાનીઓ આપીને બતાવવી.

અને કેટલાક લોકો મેથેરાન, મહાબ્લેશ્વર વગેરે હવા ખાવાની ટેકડીઓ ઉપર જઈ રહેછે. ઘણામાં ઘણી થંડી ડીસેમબર તથા જાન્યુઆરી મહીનામાં પડેછે. ઘણામાં ઘણો વરસાદ જુલાઈ અને સપ્ટેમ્બર મહીનામાં પડેછે.

મુંબઈની નજદીકમાં ધારાપુરી તથા અનેરીકનેરીના ગુફાઓ છે, તેમાં અસલના વખતનું ઘણું સરસ કોતરકામ છે. મુંબઈની ઉત્તરે વરલી, માહીમ, વાંદરા વગેરે કેટલાંક ગામો છે.

પ્રકરણ ૩ જું.

મુંબઈ ઈલાકો.

મુંબઈ ઈલાકો હિંદુસ્તાનની પશ્ચિમ દિશાએ આવેલોછે. એ ઈલાકાનો વિસ્તાર ૧૦૫૦ માઈલ છે. એ ઈલાકાનાં વાવ્ય ખુણે બલુચિસ્તાન, ઉત્તર દિશાએ પંજાબ અને ઈસાન ખુણે રજપુતસ્તાન છે; પૂર્વ દિશાએ મધ્ય હિંદુસ્તાનનાં દેશી સંસથાનો, તથા મધ્ય પ્રાંત છે. અને અગ્નિ ખુણે નિઝામનો મુલક છે; દક્ષિણે મદ્રાસ ઈલાકો તથા મહીસૂર છે, અને પશ્ચિમે અરબી સમુદ્ર છે. એ ઈલાકાની રાજધાની મુંબઈ શેહેર છે.

મુખ્ય નદીઓ—સિંધુ, એ સિંધ પ્રાંતમાં છે. **સાબરમતી, મહી, નર્મદા** અને **તાપી**, એ ગુજરાત પ્રાંતમાં છે. **ગોદાવરી, ભીમા, નીરા** અને **કૃષ્ણ**, એ દક્ષિણમાં છે. સિંધુ નદી ટીબેટમાંથી નીકલી અરબી સમુદ્રમાં ખાલી થાયછે. સાબરમતી, અરવલીના ડુંગરા-

ઓમાંથી નીકલીને ખંભાતના અખાતમાં ખાલી થાયછે. મહી, માળવામાંથી નીકલી ખંભાતના અખાતને મળેછે. નર્મદા, સાતપુડા પર્વતમાંથી નીકલી ખંભાતના અખાતને મળેછે. તાપી, સાતપુડામાંથી નીકલીને અરબી સમુદ્રને મળેછે. ગોદાવરી, નાસિક આગળથી બંગાલાના ઉપસાગરમાં ખાલી થાયછે. કૃષ્ણા મહાબલેશ્વર આગલથી નીકલી બંગાલાના ઉપસાગરને મળેછે.

મુખ્ય પર્વતો સહ્યાદ્રિ. એ પર્વતનું બીજું નામ **પશ્ચિમઘાટ** કરીનેછે, અને એ દક્ષિણ દેશ તથા કોકણને જુદાં પાડેછે. બીજો પર્વત **સાતપુડા** છે. એ ઇનદોર અને ખાણદેશની વચે, તથા તાપી અને નર્મદા નદીઓની વચે આવેલોછે.

મુખ્ય અખાત—ખંભાતનો અખાત, તથા કચ્છનો અખાત.

મુખ્ય બેટ—દીવ બેટ. એ બેટ કાઠિયાવાડની દક્ષિણે છે, અને એમાં ફિરંગીનું રાજ છે. પારસીઓ જ્યારે પેહેલા ઇરાનથી હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે એ બેટમાં ઉતર્યા હતા, અને ત્યાંથી ધીમે ધીમે આગલ વધીને તેઓ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વેંહેંચાઇ ગયા હતા.

મુંબઇ ઇલાકાનો $\frac{1}{3}$ ભાગ દેશી રાજાઓનો છે, અને બાકીના આખા ભાગ ઉપર અંગ્રેજી રાજ છે. દેશી રાજાઓમાંના કેટલાકો અંગ્રેજ સરકારને તથા કેટલાકો ગાયકુઆર સરકારને ખંડણી આપેછે; પણ સઘળાઓ ઉપર અંગ્રેજ સરકારનો હુકમ ચાલેછે. મુંબઇના ગવરનરની સત્તા આખા મુંબઇ ઇલાકા ઉપર ચાલેછે.

મુંબઈ ઇલાકાના પાંચ ભાગ કર્યા છે; તેનાં નામ—**સિંધ, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર** અને **દક્ષિણ મહારાષ્ટ્ર.** મહારાષ્ટ્રમાં દક્ષીણ અને કોકણ એવા બે ભાગ છે. ઉપલા પાંચ ભાગના જીલ્લા, તથા એજનસી* અને મુખ્ય શેહેરો નીચે પ્રમાણે છે:—

સિંધ.

જીલ્લા વગેરે.	**મુખ્ય શેહેરો.**
સિંધનો ઉપલો સરહદનો મુલક	જેકબાબાદ.
શિકારપુર જીલ્લો......	શિકારપુર.
હૈદરાબાદ જીલ્લો	હૈદરાબાદ.
કરાંચી જીલ્લો........	કરાંચી. એ એક બંદર છે.†
થરપારકર............	ઉમરકોટ.
ખૈરપુર સંસ્થાન......	ખૈરપુર. એમાં મુસલમાન જાતના દેશી રાજાનું રાજ છે.

સિંધની વસ્તીનો મોટો ભાગ મુસલમાનોનો છે. લોક મુખ્ય કરી **સિંધી** અને **બલુચી** ભાષા બોલેછે. એ પ્રાંતમાં રોગાનદાર માટીનાં વાસણ, અને શેતરંજીઓ સારી બનેછે. હૈદરાબાદથી કોતરી સુધી રેલવે છે. મુખ્ય નદી સિંધુ છે, તેમાં કેટલેક સુધી આગબોટ ચાલેછે.

---

* પોલીટીકલ એજંટના અખીકાર હેઠલ જે દેશી રાજયો છે તેને **એજનસી** કહેછે.

† જે શેહેર દરીઆ કાંઠે અથવા નદી કાંઠે આવેલું હોય, જ્યાં વાહાણો તથા આગબોટો આવ જાવ કરતાં હોય, અને મોટો વેપાર ચાલતો હોય, તેને **બંદર** કહેછે.

કચ્છ.

કચ્છ દેશનાં મુખ્ય શેહેર—**ભૂજ**, **માંડવી** અને **અંજાર** છે. માંડવી એક મોટું **બંદર** છે. એ દેશમાં **રજપુત*** જાતના દેશી રાજાનું રાજ છે, અને તે **રાવ** કહેવાયછે. એ રાજ અંગ્રેજ સરકારને ખંડણી આપેછે. તે ખંડણી વસુલ કરવાને તથા રાજ કારોબાર ઉપર દેખરેખ રાખવાને ત્યાં એક **પોલીટીકલ એજંટ†** રહે છે. કચ્છમાં કસબ તથા રેશમનું ભરતકામ અને સોના તથા રૂપાં ઉપર નકસીકામ ઘણું સરસ થાયછે.

ગુજરાત.

ગુજરાત પ્રાંતનો કેટલોક ભાગ અંગ્રેજ સરકારને તાબે છે અને બાકીનો ભાગ દેશી રાજાઓને હસ્તક છે. જે ભાગ અંગ્રેજ સરકારને તાબે છે તેને **ખાલસા મુલક** કહેછે, અને તેના જીલ્લા તથા મુખ્ય શેહેર નીચે પ્રમાણે છેઃ—

જીલ્લા	મુખ્ય શેહેરો.
સુરત જીલ્લો	સુરત, તાપી નદીને કાંઠે છે.
ભરૂચ જીલ્લો....	ભરૂચ, નરમદા નદીને કાંઠે છે.
ખેડા જીલ્લો	ખેડા.
અમદાવાદ જીલ્લો.	અમદાવાદ, સાબરમતી નદીને કાંઠે છે.
પંચમાહાલ......	ગોધરા અને દાહોદ.

* **રજપૂત** એ હીંદુઓની એક જાત છે. રજપૂત લોક ઘણાક લડાયક ગણાયછે.

† દેશી રાજ્યોમાં કારોબાર ઉપર દેખરેખ રાખવાને તથા ખંડણી વસુલ કરવાને ત્યાંની દરબારો ખાતે અંગ્રેજ સરકાર તરફથી જે અધીકારીઓ રહેછે તેમને **પોલીટીકલ એજંટ** કહેછે.

જે બાકીનો ભાગ દેશી રાજાઓને તાબે છે, તેને **એજનસી** કહેછે. એ એજનસીઓનું વર્ણન નીચે પ્રમાણે છે :—

કાઠિયાવાડ એજનસી—એનાં મુખ્ય શેહેરો, **રાજકોટ, વઢવાણ, લીમડી, ભાવનગર, પાલીટાણા, જુનાગઢ, નવાનગર,** અને **પોરબંદર** છે. એમાં **મચ્છુ, આજી, ભાદર, શેત્રુંજી** વગેરે નદીઓ છે. **ગીરનાર, બરડો, શેત્રુજો*** વગેરે ડુંગરો છે. એમાં જુદાં જુદાં સંસ્થાનો છે, અને તે દરેક ઉપર અકેકો દેશી રાજા રાજ કરેછે. તેથી આખાં કાઠિયાવાડમાં દેશી રાજ છે. જુનાગઢ અને બીજાં બે ત્રણ સંસ્થાનોના રાજા જાતે મુસલમાન છે ; અને બાકીનાં સંસ્થાનોના રાજાઓ રજપૂત જાતના હિંદુઓ છે.

પાલણપુર એજનસી—એનાં મુખ્ય શેહેર **પાલણપુર** અને **ડીસા** છે. પાલણપુરમાં એક નવાબનું† દેશી રાજ છે. એમાં **બનાસ** નામે મોટી નદી છે. ડીસામાં અંગ્રેજી લશકરની **છાવણી**‡ છે. એની ઉત્તરે **આબુ પર્વત** છે. એ પર્વત ઉપર હિંદુઓનાં નામીચાં દેહડાંઓ છે. ત્યાં લોક હવા ખાવા પણ જાયછે.

મહીકાંઠા એજનસી—એનાં મુખ્ય શેહેર **સાદરા** અને **ઈડર** છે. એમાં રજપૂત જાતના દેશી રાજાનું રાજ છે.

---

* શેત્રુજાના ડુંગર ઉપર શ્રાવક લોકનાં ઘણાં મોટાં અને શોભાયમાન દેહેડાંઓ છે, અને ત્યાં ઘણા હિંદુઓ જાત્રા કરવા જાયછે. એ ડુંગર પાલીટાણામાં છે.

† મુસલમાન જાતના રાજાઓને **નવાબ** કહેછે.

‡ લશકરને રહેવાની જગાને **છાવણી** કહેછે.

રેવાકાંઠા એજનસી—એનાં મુખ્ય શેહેર **નાદોદ, બારીઆ** અને **લુણાવાડા** છે. એમાં **રાજપીપલા**ના ડુંગરો આવેલા છે.

ગાયકુઆર સંસ્થાન—એનાં મુખ્ય શેહેર **વડોદરા, નવસારી, પાટણ, સિધપુર, કડી** વગેરે છે. મુંબઈ ઇલાકાનાં સઘળાં દેશી રાજ્યોમાં એ રાજ્ય મોટું છે. એ રાજ્યને ગાયકવાડી કહેછે. એમાં મરાઠા* જાતના હિંદુ રાજા રાજ કરેછે. મહારાજા વડોદરામાં રહેછે.

ખંભાત સંસથાન—એનું મુખ્ય શેહેર **ખંભાત,** મહી નદી ઉપર છે. એમાં એક નવાબનું (દેશી) રાજ છે.

પંચમાલ એજનસી†—એનું મુખ્ય શેહેર **નારૂકોટ** છે.

સુરત એજનસી‡—એનાં મુખ્ય શેહેર **વાંસદા, ધરમપુર, સચીન.** વાંસદા અને ધરમપુરના રાજાઓ રજપૂત જાતના હિંદુઓ છે, અને સચીનમાં એક નવાબનું રાજ છે.

મહારાષ્ટ્ર.

એના બે ભાગ છે; એક **કોકણ** અને બીજો **દક્ષિણ**—એમાં કોકણના જીલ્લા તથા સંસ્થાન અને **મુખ્ય** શેહેરો નીચે પ્રમાણે છે:—

---

* મહારાષ્ટ્રના રહેનારાઓને **મરાઠા** કહેછે.

† **પંચમહાલ** જુદું અને **પંચમહાલ એજનસી** જુદું. પંચમહાલમાં અંગ્રેજી રાજ, અને પંચમહાલ એજનસીમાં દેશી રાજ છે.

‡ **સુરત જીલ્લો** જુદો, અને **સુરત એજનસી** જુદું. સુરત જીલ્લામાં અંગ્રેજી રાજ છે, અને સુરત એજનસીમાં દેશી રાજ છે.

જીલ્લા તથા સંસ્થાન.	**મુખ્ય શેહેરો.**
થાણા જીલ્લો	થાણા.
જવાર સંસ્થાન*	જવાર. (મ. હિં.)
કોલાબા જીલ્લો	અલીબાગ.
જંજીરા સંસ્થાન	જંજીરા. (મુ.)
રત્નાગિરિ જીલ્લો	રત્નાગિરિ.
સાવંતવાડી સંસ્થાન......	સાવંતવાડી. (મ. હિ.)

દક્ષિણના જીલ્લા સંસ્થાન વગેરે નીચે પ્રમાણે છે :—

ખાનદેશ જીલ્લો..........	ધુલિયા.
ખાંનદેશ એજનસી†	
નાસિક જીલ્લો	નાસિક. એ હિંદુઓનું એક પવિત્ર શેહેર છે.
પેઠ સંસ્થાન	પેઠ (મુ.)
અહમદનગર જીલ્લો	અહમદનગર.
પુણા જીલ્લો	પુણા.‡
સતારા જીલ્લો	સતારા.
સતારા જાગીર	ભોર, ફલટન, આઉદ અને જત (મ. હિં.)
શોલાપુર જીલ્લો..........	શોલાપુર.
અકલકોટ સંસ્થાન	અકલકોટ. (મ. હિં.)

---

* જેની પાછળ **જીલ્લા** શબ્દ લાગેલાછે તેમાં અંગ્રેજી રાજ સમજવું, જેની પાછળ **એજનસી, સંસ્થાન,** અને **જાગીર** શબ્દો લાગેલાછે તેમાં દેશી રાજ સમજવું. (મ. હિ.) એટલે મરાઠા જાતના હિંદુ. (મુ.) એટલે મુસલમાન.

† ખાનદેશનાં મુખ્ય શેહેર **ધુલ્યા, માલેગામ** અને **ચાલીશગામ** છે.

‡ **પુણા** પેહેલાં પેશવાની રાજધાની હતી. ત્યાંની હવા સારી હોવાથી મુંબઇની સરકાર તથા બીજાં ઘણાંક લોક ત્યાં હવા ખાવા જાયછે.

દક્ષિણ મહારાષ્ટ્ર.

એમાં ઉત્તર કાનડા નામનો પ્રાંત પણ છે. એના જીલ્લા વગેરે નીચે પ્રમાણે છે.

જીલ્લા વગેરે.	મુખ્ય શેહેરો.
કલાદગી જીલ્લો	કલાદગી.
બેલગામ જીલ્લો	બેલગામ.
કોલાપુર સંસ્થાન........	કોલાપુર. (મ. હિં.)
દક્ષિણ મરાઠા જાગીર	સાંગલી, જમખંડી, મીરજ વગેરે (મ. હિં.)
ધારવાડ જીલ્લો	ધારવાડ.
સાવનૂર સંસ્થાન........	સાવનૂર. (મું)
ઉત્તર કાનડા જીલ્લો	કારવાર, એક બંદર છે.

મુંબઈ ઇલાકામાં, ગોવા, દમણ, દીવમાં પોરટુગીઝનું રાજ છે. એમાં ગોવાનું સંસ્થાન સર્વેથી મોટું છે, અને તેમાં પોર્ટુગલની સરકાર તરફનો વડો હાકેમ રહેછે.

પ્રકરણ ૪ થું

હિંદુસ્થાન.*

હિંદુસ્તાન એશિયા ખંડની દક્ષિણે છે, અને તે એક મોટો દ્વીપકલ્પ છે.

સીમા—ઉત્તરે **હિમાલય પર્વત** છે; પશ્ચિમે **આફ્ગાનીસ્તાન** તથા **બલુચીસ્તાન** છે; નૈરૂત્ય ખુણે

* હિંદુ એટલે હિંદુ અને સ્થાન એટલે જગ્યા અથવા વતન.

અરબી સમુદ્ર છે; દક્ષિણે **હિંદી મહાસાગર** છે; અગ્નિ ખુણે **બંગાલનો ઊપસાગર** છે, અને પુર્વે **બ્રહ્મદેશ** છે.

હિંદુસ્તાન તથા અફગાનીસ્તાન વચ્ચે **સુલેમાની પર્વત** છે, અને હિંદુસ્તાન તથા બલુચીસ્તાન વચ્ચે **હાલા પર્વત** છે. હિમાલયની પેલીમેર (ઉતરે) **તિબેટ** અને **તરકીસ્તાનનો** મુલક છે.

મુખ્ય નદીઓ—બ્રહ્મપુત્ર, એ તિબેટમાંથી નીકલી બંગાલાના ઉપસાગરમાં ખાલી થાયછે. **ગંગા,** એ હિમાલય પર્વતમાંથી નીકલી બંગાલના ઉપસાગરમાં ખાલી થાયછે. **મહા નદી,** એ મધ્ય પ્રાંતના ડુંગરાઓમાંથી નીકલી બંગાલના ઉપસાગરને મળેછે. **ગોદાવરી; કૃષ્ણા; સિંધુ; સાબરમતી; મહી; નર્મદા; તાપી** અને **કાવેરી.** કાવેરી કુર્ગના સસ્થાનમાંથી નીકલી બંગાલના ઉપસાગરમાં ખાલી થાયછે.

શાખા નદીઓ—જમના, સોન, ચુંબલ, ગોમતી અને **ગોગરા,** એ પાંચ નદીઓ **ગંગાની** શાખા છે. **જેલમ, બીઆ, રાવી, ચીનાબ,** અને **સતલજ** એ પાંચ નદીઓ **સિંધુની** શાખા છે. એમાંની પેહેલી ચાર હિમાલયમાંથી, અને સતલજ તિબેટમાંથી નીકલેછે.

મુખ્ય પર્વતો—હિમાલય, એ આખી દુન્યાપર સર્વેથી ઉંચો છે, અને એનાં મથાલાં ઉપર સદા બરફ રહેછે. **શિવાલીક, વિંધ્યાચલ, સાતપુડા, સહ્યાદ્રિ** અથવા પશ્ચિમ ઘાટ, અને પુર્વ ઘાટ **અરવલી** તથા **નીલગિરિના** ડુંગરો.

મુખ્ય ભૂશીર—કન્યા કુમારી, એ હિંદુસ્તાનના દક્ષિણ છેડાપર છે. **દીવ ભુશીર,** એ કાઠિયાવાડની દક્ષિણે છે.

મુખ્ય અખાત—કચ્છનો અખાત, એ કચ્છ તથા કાઠિયાવાડની વચ્ચે છે. **ખંભાતનો અખાત,** એ ખંભાતની દક્ષિણે છે. **બંગાલાનો ઊપસાગર,** એ હિંદુસ્તાનની પુર્વ દિશાએ છે. **મનારનો અખાત,** એ હિંદુસ્તાન તથા સીલોન બેટની વચ્ચે છે.

મુખ્ય સામુદ્રધુની—પાકની સામુદ્રધુની, એ સીલોન તથા હિંદુસ્તાનની વચ્ચે છે, અને બંગાલના ઉપસાગરને તથા મનારના અખાતને જોડેછે.

મુખ્ય બેટ—સીલોન, એને સિંહલદ્વીપ અથવા લંકા કરીને પણ કહેછે. એમાં કોલંબો અને ત્રિકોમાલી નામનાં બે મોટાં બંદરો છે. એમાં કાફીનો પાક સારો થાયછે. એ બેટમાં અંગ્રેજી રાજ છે. **આનડામન,** એમાં હિંદુસ્તાનથી તરીપાર કીધેલા બંધવાઓને રાખેછે. **નીકોબાર**; **માલદ્વીપ**; અને **લક્ષદ્વીપ**.

મુખ્ય વેપારની જણસો—રૂ, અફીણ, ગલી, ચા, કાફી, ચોખા, સુરોખાર ઇત્યાદિ.

હિંદુસ્તાનના મુખ્ય ત્રણ ભાગ કરેલા છે :—૧, ઉત્તર હિંદુસ્તાન; ૨, મધ્ય હિંદુસ્તાન અને ૩, દક્ષિણ હિંદુસ્તાન.

ઉત્તર હિંદુસ્તાન હિમાલય પર્વત અને શિવાલીક પાહાડની વચ્ચે છે. એમાં **કાશમીર, નેપાલ** અને **ભુતાન** છે. એ પ્રાંતોનું વર્ણન નીચે પ્રમાણે છે :—

કાશમીર—મુખ્ય શેહેર **કાશમીર** અથવા **શ્રી નગર** છે. એ પ્રાંતમાં ઘણી ઉંચી જાતની શાલો બનાવવામાં

આવેછે, એમાં રજપૂત જાતનાં દેશી રાજાનું રાજ છે, અને તે ઈંગ્રેજ સરકારને ખંડણી આપેછે.

નેપાલ—એનું મુખ્ય શેહેર, **ખટમંડુ** છે. એ પ્રાંતનાં લોક ઘણા લડાયક છે, એમાં સ્વતંત્ર* રાજ છે.

ભુતાન—એની રાજધાની **ટાસીટીઊડન** છે. એમાં પણ દેશી સ્વતંત્ર રાજ છે.

મધ્ય હિંદુસ્તાન શિવાલીક પાહાડ અને નર્મદા નદીની વચે છે. એના પ્રાંતો તથા મુખ્ય શેહેરો **નીચે** પ્રમાણે છે:—

બંગાલા પ્રાંત—એનાં મુખ્ય શેહેર, **કલકત્તા,** એ હુગલી નદીપર છે. અને એમાં હિંદુસ્તાનનો ગવરનર જેનરલ રહેછે. તેથી એ શેહેર હિંદુસ્તાનની રાજધાની કહેવાયછે. **ધાકા** એમાં ઘણી બારીક મલમલ વણાયછે. **મુર્શિદાબાદ,** એ બંગાલી અસલની રાજધાની, **પ્લાસી,** એ જગા, બંગાલાના સુબા સુરાજા દઉલા, અને અંગ્રેજી સરદાર લાર્ડ કલાઇવ વચે થયલી મોટી લડાઇ અને તેમાં થયલી અંગ્રેજોની જીતને મારે પ્રખ્યાત છે. **બરદવાન** અને **રાણીગંજ**. એ બે શેહેરોમાં કોલસાની ખાણો છે.

બાહાર પ્રાંત—એનાં મુખ્ય શેહેરો **પટણા** અને **મોંગીર** છે. એ બંને ભાગીરથી નદીને કાંઠે છે.

વાવ્ય પ્રાંત—એનાં મુખ્ય શેહેર **દિલ્લી,** એ આગલના વખતમાં મોગલ રાજાઓની રાજધાની હતી. **અલાહબાદ, મથુરાં, કાસી**† અને **કનોજ** એ ચાર

* સ્વતંત્ર એટલે અંગ્રેજ સરકારને ખંડણી નહીં આપનાર તે.

† કાસીનું બીજું નામ બનારસ છે, અને તે ગંગા નદીના કાઠાંપર છે.

હિંદુઓનાં ઘણાં પવિત્ર શેહેરો છે. **આગ્રા** એમાં તાજ મેહેલ અને અકબર બાદશાહાની કબર છે. **મીરત,** એમાં ૧૮૫૭ ના બળવાની શુરૂઆત થઈ હતી. **મીરજાપુર, ગાજીપુર, સાહરાનપુર, બરેલી, ફ્તેપુર** અને **કરનુલ**.

અયોધ્યા પ્રાંત—એનાં મુખ્ય શેહેરો—**લખનોર**. એ ગોમતી નદીનાં કાઠાં પર છે. **કાનપુર,** એમાં ૧૮૫૭ ના બળવાના વખતમાં મોટી કતલ થઈ હતી. **ફૈજાબાદ, જવાનપુર**.

પંજાબ—એનાં મુખ્ય શેહેરો—**લાહોર, મુલતાન, અમૃતસર, અંબાલા, સીમલા,** જલનધર, **લુધ્યાના, ફીરોજપોર, શીઆલકોટ, રાવલપીંડી,** અને **પેશાવર**. લાહોર રાવી નદીને કાંઠે છે. સીમલામાં હિંદુસ્તાનનો ગવરનર જેનરલ હવા ખાવા જાયછે. એ પ્રાંતમાં પાંચ નદીઓ વહેછે. તેથી એનું નામ પંજાબ* પડયુંછે. એ પાંચ નદીઓ સતલજ, બીઆ, રાવી, ચીનાબ અને જેલમ છે. એ સઘળી સિંધુ નદીની શાખાઓ છે. પંજાબના રેહવાસીઓને **સીખ** લોક કહેછે.

રજપૂતાના—એને રજપૂતસ્તાન પણ કહેછે.—એનાં મુખ્ય શેહેરો—**અજમીર, જયપુર, ઊદેપુર, ભાવલપુર, જોધપુર, ભરતપુર, જેસલમીર, બીકાનીર** અને **કીસનગઢ**. એમાં એકલાં અજમીરમાં અંગ્રેજી રાજ છે, અને બાકીનાં સઘળાં શેહેરોમાં રજપૂત જાતના દેશી રાજાઓનું રાજ છે. એ પ્રાંતમાં **સામભર** નામે

* **પંજ** એટલે પાંચ, અને **આબ** એટલે પાણી.

એક ખારો સરોવર છે, તેનાં પાણીમાંથી મીઠું બનાવેછે. એમાં **અરવલીના ડુંગરો** છે.

મધ્ય એજનસી—એને માલવા પણ કહેછે. કેટલાંક દેશી સંસ્થાનો મળીને એ પ્રાંત થયલોછે. તેમાંના મુખ્ય, **ગ્વાલિયર, ઈંદોર, ભોપાલ** અને **રેવા** છે—ગ્વાલિયરમાં **સિંધ્યાનું**, અને **ઈંદોરમાં હોલકરનું** રાજ છે. એ બંને રાજાઓ જાતના મરાઠા હિંદુઓ છે. ભોપાલમાં એક **બેગમ*** રાજ કરેછે. રેવાનો રાજા જાતનો રજપૂત છે. **બુંદેલખંડ**માં કેટલાક નાનાં નાનાં સંસ્થાનો છે. એ પ્રાંતમાં **ઊજ્જન** નામે એક શેહેર છે, એ અસલના વારામાં વિક્રમ રાજાની રાજધાની હતી. એ પ્રાંતમાં અફીણ સારૂં પાકેછે.

મધ્ય પ્રાંત—એનાં મુખ્ય શેહેરો—**નાગપુર, જબલપુર, આકોલા, ઊમરાવટી**. એમાં રૂ સારો થાયછે. **કામપટી,** એમાં અંગ્રેજી લશકરની છાવણી છે. **બરાનપુર** એક મુસલમાની શેહેર છે.

નીઝામનો મુલક—એનાં મુખ્ય શેહેરો—**હૈદરાબાદ,** એ રાજધાની મુસી† નદીપર છે. **સીકંદરાબાદ, ઓરંગાબાદ, દોલતાબાદ** અને **જાલણા**. એ મુલકમાં મુસલમાન જાતના રાજા રાજ કરેછે. તેને **નીઝામ** કહેછે. એ મુલકમાં **વરાડ** અથવા **બીરાર** નામે એક પ્રાંત છે. તે અંગ્રેજ સરકારને તાબે છે. એમાં રૂનો પાક સરસ થાયછે.

---

* મુસલમાન જાતની રાજ કરતી સ્ત્રીને **બેગમ** કહેછે.

† મુસી નદી કૃષ્ણા નદીની શાખા છે.

મહીસૂર—એનાં મુખ્ય શેહેર—**મહીસૂર** એ **રાજધાની** છે. **શ્રીરંગપટણ** અને **બેંગલુર** પ્રાંતમાં દેશી રાજ છે. રાજા જાતે હિંદુ છે. એમાં **કુર્ગ** નામે એક નાનો પ્રાંત છે. તેમાં અંગ્રેજી રાજ છે.

મલબાર—એનાં મુખ્ય શેહેરો—**કાનાનૂર, મંગલૂર, તાલચેરી,** અને **બેપૂર.** એમાં **કોચીન** નામે એક નાનું દેશી સંસ્થાન છે.

ત્રાવણકોર—એમાં દેશી રાજ છે. અને એની રાજધાની **ત્રિવનદ્રમ** છે. તેમાં રાજા રહેછે. તે જાતનો હિંદુ છે.

કર્ણાટક—એનાં મુખ્ય શેહેરો—**આરકટ,** અને **ત્રિચનાપલી.** એ તરફ દરિયા કાંઠાપર **મદ્રાસ** નામે એક મોટું શેહેર છે. તે **મદ્રાસ** ઈલાકાની રાજધાની છે અને વેપારનું એક બંદર છે. એ શેહેરમાં **મદ્રાસ** ઈલાકાનો ગવરનર રહેછે. પાનડીચેરી નામે એક શેહેર છે, તેમાં ફ્રેંચ લોકનું રાજ છે.

ઊત્તર સરકાર—એનાં મુખ્ય શેહેરો—**મછલીપટણ, રાજમંદ્રી,** અને **ગોલકંદા,** એમાં હીરાની ખાણ છે. એ પ્રાંતમાં **કેકોનાદા** નામે એક બંદર છે.

ઓરીસા—એને **ઓઢીઆ** પણ કહેછે. એનાં મુખ્ય શેહેરો—**કતક** અને **પૂરી.** એમાં જગન્નાથનું દેહરું છે.

સિંધ, કચ્છ, ગુજરાત, અને **મહારાષ્ટ્ર** પ્રાંતોનું વર્ણન મુંબઈ ઈલાકામાં લખ્યું છે.

હિંદુસ્તાનમાં ત્રણ ઈલાકાઓ છે. ૧—**મુંબઈ** ઈલાકો, ૨—**મદ્રાસ** ઈલાકો, અને ૩—**બંગાલ** ઈલાકો.

હિંદુસ્તાનનાં ઇશાન ખુણામાં **આસામ** તથા **આરાકાન** નામના બે પ્રાંતો છે.

હિંદુસ્તાન માહેલાં પોર્ટુગીઝ સંસ્થાન—**ગોવા, દમણ** અને **દીવ.** ફ્રેંચ સંસ્થાન—**પોનડીચેરી, ચંદ્રનગર, માહી** અને **કારીકલ.**

હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠાને **મલબાર કોસ્ટ** કહેછે, અને પૂર્વ કાંઠાને **કારોમાનડલ કોસ્ટ** કરી કહેછે.

હિંદુસ્તાનના મોટા ભાગપર રેલવે, એટલે આગગાડીનો રસ્તો બંધાયલોછે. મુંબઇમાંથી બે રેલવે શરૂ થાયછે. એક **જી. આઈ. પી. રેલવે;** અને બીજો, **મુંબઈ વડોદરા રેલવે.** જી. આઇ. પી. રેલવેના બે મોટા ફાંટાછે, તેમાંનો એક ફાંટો ઇશાન ખુણે જબલપુર સુધી જઇને ત્યાંથી બંગાલના ઇસ્ટ ઇન્ડિયા રેલવે સાથ જોડાયછે; અને બીજો ફાંટો અગ્નિ ખુણે ગુલબરધા આગળથી નીઝામનાં મુલકમાં રહીને મદ્રાસ રેલવેને મળેછે. બંગાલમાં **ઈસ્ટ ઈન્ડિયા રેલવે** છે. તે કલકત્તાથી શરૂ થઇ છેક મુલતાન સુધી જાયછે. **મદ્રાસ** રેલવેના ત્રણ ફાંટા છે; એક મદ્રાસથી નીકળી નીઝામના મુલકમાં રહી જી. આઇ. પી. રેલવે સાથ જોડાયછે; બીજો મદ્રાસથી બેપૂર સુધી જાયછે, અને ત્રીજો **મદ્રાસથી** ટીનેવલી સુધી જાયછે. એ સીવાય બીજા કેટલાક નાના તથા શાખા રેલવે પણ છે.

હિંદુસ્તાનની લંબાઇ (ઉત્તરે કાશમીરથી દક્ષીણે કન્યા કુમારી સુધી) ૧૯૦૦ માઇલ છે; અને પોહોલાઇ (**સિંધ**થી આસામ સુધી) ૧૮૦૦ માઇલ છે. એમાં પચીસ કરોડ **માણસની** વસ્તી છે. તેમાં હિંદુ, મુસલમાન, યુરો-

પ્યન, પારસી, યાહુદી વગેરે જાતના લોકો વસેછે, અને તેઓ મુર્તિપૂજક, મહમદી, ખ્રીસ્ટિ, જરથોસ્તી વગેરે ધર્મો પાલેછે.

હિંદુસ્તાનની હવા મધ્યમ છે, અને જમીન ઘણી રસાલ છે; જેથી ત્યાં અનાજ, રૂ, અફીણ, ગલી, શેરડી, તમાકુ, ચા, કાફી, તેજાનું* વગેરે ત્યાં ઘણું પાકેછે, તેમજ ઘણીક જાતના ફળફલાદી તથા ઉપ્યોગી લાકડાં પણ ઉત્પન્ન થાયછે. એ સઘળી વસ્તુઓનો બીજા દેશો સાથ મોટો વેપાર પણ ચાલેછે. જમીનમાં કોલસા, લોઢું, ત્રાંબુ, સોનુ, હીરા વગેરેની ખાણો છે, અને દરિયા કાંઠા પરથી મોતી મળે છે.

હિંદુસ્તાનના મોટા ભાગ ઉપર અંગ્રેજી રાજ્ય છે, અને બાકીના ભાગ ઉપર દેશી રાજ્યો છે, જેના ઉપર અંગ્રેજ સરકાર વડાપણ ધરાવેછે, અને ખંડની લીએછે. ઈંગ્લંડ દેશની રાણી, વિક્ટોરીયા **કૈસરે હિંદ**ને નામે હિંદુસ્તાન ઉપર રાજ્ય કરેછે, અને તેમના તરફથી ઠરાવેવા હાકમ, જેમને **ગવરનર જેનરલ** કહેછે, તેઓ કલકત્તામાં રહીને અમલ ચલાવેછે. વરસનો કેટલોક ભાગ સીમલા ખાતે પણ તેઓ રહેછે. તેમના હાથ તલે મુંબઈ તથા મદ્રાસના ગવરનરો વગેરે **અમલદારો** છે, જેમની મારફતે તેઓ આખા દેશ ઉપર અમલ ચલાવેછે. ધારાઓ બાંધવાને ગવરનર જેનરલની તથા મુંબઈ અને મદ્રાસના ગવરનરોની અકેકી **કાઊનસીલ**† છે.

---

* એલચી, લવંગ, જાયફલ, તજ, વગેરેને તેજાના કહેછે.

† ગવરનર જેનરલ અથવા ગવરનર અને તેમની જોડ થોડાક યુરોપયન તથા દેશી ગ્રહસ્થો બેસીને ધારાઓ બાંધેછે. તેમની સભાને **કાઉનસીલ** કહેછે. એ કાઉનસીલના દરેક અધીકારીને **આનરેબલ**નો એલકાબ હોયછે.

હિંદુસ્તાનના મુખ્ય પર્વત.

૧ **હિમાલય**—હિંદુસ્તાનની ઉત્તરમાં એક મોટા કોટની પેઠે આવી રહેલોછે.'

૨ **હિંદુકુશ**—હિંદુસ્તાનની વાચ્ય દિશાએ.

૩ **કર્કોરામ**—કાશ્મીરની ઉત્તરે.

૪ **શિવાલિક**—નેપાલ ને ભૂતાનની દક્ષિણે.

૫ **સુલેમાન**—પંજાબની પશ્ચિમે.

૬ **હાલા**—સિંધ પ્રાંતની પશ્ચિમે.

૭ **અરેવલી**—રજપૂતાનામાં.

૮ **અબુનો પાહાડ**—અરેવલી પર્વતની દક્ષિણે.

૯ **વિંધા**—મધ્ય હિંદુસ્તાનમાં નર્મદા નદીની ઉત્તરે.

૧૦ **સાતપુડા**—મધ્ય હિંદુસ્તાનમાં નર્મદા અને તાપી નદીની વચ્ચે.

૧૧ **સંહ્યાદ્રી** અથવા **પશ્ચિમઘાટ**—હિંદુસ્તાનના પશ્ચિમ કિનારે તાપી નદીથી તે કોમોરિન ભૂશિર સુધી.

૧૨ **પૂર્વઘાટ**—હિંદુસ્તાનના પૂર્વ કીનારે માહા નદીથી તે કોમોરિનૂ ભૂશિર સુધી.

નિલગરિ—મ્હૈસોર પ્રાંતની દક્ષિણે.

નદીઓ.

સિંધુ અથવા **અટક**—એ સ્વતંત્ર ટિબેટના પહાડમાંથી નીકળીને કાશ્મીર, પંજાબ અને સિંધ પ્રાંતમાં થઈને કરાંચી આગળ આરબી સમુદ્રને મળેછે.

ગંગાને મળનારી નદીઓ—**જમના, ગોમતી, ગોગ્રા** અને **શોણ.**

જમના—એ હિમાલય પર્વતમાંથી નીકળીને પ્રયાગ આગળ ગંગાને મળેછે.

મહાનદી—સાતપુડામાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળેછે.

ગોદાવરી—નાશક આગળ સંહ્યાદ્રીમાંથી નીકળી નીજામનાં રાજ્યની ઉત્તરમાં થઈને બંગાલાના ઉપસાગરને મળેછે.

કૃષ્ણા—સંહ્યાદ્રીમાંથી નીકળી નિઝામનાં રાજ્યની દક્ષિણમાં થઈને બંગાલના ઉપસાગરને મળેછે.

કાવેરી—સંહ્યાદ્રીમાંથી નીકળી મહેસુર અને કર્ણાટક પ્રાંતમાં થઈને બંગાલાના ઉપસાગરને મળેછે.

નર્મદા અને **તાપી**—એ બંને સાતપુડામાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે.

મહી—માળવાના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે.

સાબરમતી—મહીકાંઠાના ઉત્તરના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે.

અરબી સમુદ્રને મળનારી નદી—**સિંધુ.**

ખંભાતના અખાતને મળનારી નદીઓ—**નર્મદા, તાપી, મહી, સાબરમતી.**

બંગાલાના ઉપસાગરને મળનારી નદીઓ—**બ્રહ્મપુત્રા, ગંગા, હુગલી, મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી.**

હિંદુસ્થાનની મુખ્ય નદીઓ ઉપરનાં શેહેર.

૧ **સિંધુ અથવા અટક નદી** ઉપર પેશાવર, અટક, હેદરાબાદ, ઠઠ્ઠા, કરાંચી, લારખાના, સક્કર, બક્કર, મીથુનકોટ, દેરાઇસમાલખા, કાલાબાગ.

૨ **ઝેલમ** ઉપર—કાશ્મીર અથવા શ્રીનગર.

૩ **રવી** ઉપર—લાહોર.

૪ **બીઆસ** ઉપર—જલંદર.

૫ **ચીનાબ** ઉપર—મુલતાન.

૬ **સતલજ** ઉપર—લુધીઆના, અલીપાલ.

૭ **બ્રહ્મપુત્રા** ઉપર—જમાલપુર, ગોવળપારા, વિશ્વ-નાથ દરંગ.

૮ **ગંગા** ઉપર—હરિદ્વાર, કાનપુર, મીરજાપુર, કાશી.

૯ **ભાગીરથી** ઉપર—પટણા, મોંગીર, ભાગલપુર. મુર્શીદાબાદ.

૧૦ **હુગલી** ઉપર—કલકતા, શ્રીરામપૂર.

૧૧ **જમના** ઉપર—દિલ્લી, આગ્રા, ગોકુળ, મથુરાં.

૧૨ **ચંબલ** ઉપર—ધોલપુર, કોટા.

૧૩ **ગોગ્રા** ઉપર—ઔદ. (અયોધ્યા).

૧૪ **શોણ** ઉપર—દીનાપુર, બક્ષર, રાજગડ.

૧૫ **ગોમતી** ઉપર—લખનોર, ફૈજાબાદ.

૧૬ **સાબરમતી** ઉપર—અમદાવાદ.

૧૭ **નર્મદા** ઉપર—ભરૂચ, મંડળેશ્વર, જબલપુર.

૧૮ **તાપી** ઉપર—સુરત, રાંદેર, બ્રહાનપુર.

૧૯ **મહી** ઉપર—ખંભાત, લુણાવાડા.

૨૦ **મહાનદી** ઉપર—કટક, સંબલપુર.

૨૧ ગોદાવરી ઉપર—નાશક, ઔરંગાબાદ, રાજમંદ્રી.
૨૨ કૃષ્ણા ઉપર—મછલીપટ્ટણ, ગંતુર.
૨૩ તુંગભદ્રા ઉપર—કર્નુલ, હુમસાગટ.
૨૪ કાવેરી ઉપર—શ્રીરંગપટ્ટણ, ત્રીચીનાપોલી, તંજાવર.

હિંદુસ્થાનમાં બનાવટ અને પાકને માટે પંકાયલાં શેહેર.

કાશ્મીરમાં—સૌથી સરસ શાળો બનેછે.
શિરોઈમાં—તલવાર.
પાટણમાં—પટોળાં, સુડી ને માટીના લોટવા.
માંગરોળમાં—સોપારી.
માળવામાં—અફીણ.
પૈઠણમાં—પાઘડીઓ.
મલબારમાં—લાકડાં, મરી, તથા નાળીએર.
નાશકમાં—જળપાત્ર.
કાશીમાં—લોટા ને પીતાંબર.
જેપુરમાં—ચિત્ર.
નાગપુરમાં—રેશમી કોરનાં ધોતીઆં.
ઢાકામાં—સૌથી સરસ મલમલ.
મછલીપટ્ટણમાં—મલમલ, છીંટ.
બુંદેલખંડ
ઓરીસા } હીરા.
ગોવલકોંડા
મથુરામાં—પેંડા.

અમદાવાદમાં—મશરૂ.

સુરતમાં—બરફી.

ખંભાતમાં—અકીકના પથરા.

કપડવંજમાં—કાચ, સાબુ.

દ્વીનામી એટલે જેનાં બે નામ હોય તેવા પ્રાંત, શેહેર, નદીઓ, બેટ અને પર્વત.

માળવા—જાંબુદ્વીપ.

કાઠીઆવાડ—સોરઠ.

ઓઢીઆ—ઓરીસા.

અમદાવાદ—રાજનગર.

કાશી—બનારસ, વરણારશી.

પ્રાયાગ—અલાહબાદ.

દિલ્લી—હસ્તિનાપુર.

દોલતાબાદ—દેવગડ.

જગન્નાથ—પુરી.

આગ્રા—અકબરાબાદ.

ગંગા—ભાગીરથી.

જમના—યમુના.

સિંધુ—અટક.

બ્રહ્મપુત્રા—સાંપુ.

નર્મદા—રેવા.

ગોગ્રા—શરયુ.

લંકા—સિંહલદ્વીપ.

સંહ્યાદ્રી—પશ્ચિમ ઘાટ.

સુખકારક હવાવાળી જગ્યાઓ.

મરીની—પંજાબ ઈલાકામાં જલમ નદીની પાસે.

દારજીલીંગ—સીકીમની પાસે.

સીમલા—સતલજ નદીની પાસે.

આબુ પર્વત—ગુજરાતની ઉત્તરમાં.

મહાબળેશ્વર—સંહ્યાદ્રી ઉપર સતારાની પાસે.

નિલગિરી—જ્યાં પૂર્વઘાટ ને પશ્ચિમઘાટ મળેછે ત્યાં.

પ્રકરણ ૫ મું.

એશિયા ખંડ.

પૃથ્વિ ઉપરના સઘળા ખંડોમાં એશિયા ખંડ કદમાં તથા વસ્તીમાં મોટો છે. માણસજાતની પેહેલવેહેલી ઉત્પંતી એજ ખંડમાં થઈ હતી. અસલના વારાનાં મોટામાં મોટાં રાજ્યો પણ મુખ્ય કરી એજ ખંડમાં થયાં હતાં. પૃથ્વિ ઉપર હાલમાં ચાલતા સઘળા ધર્મો અને તે સ્થાપનારા પેગમબરો પણ એજ ખંડમાં ઉત્પન્ન થયા હતા. એ ખંડના ઉત્તર તરફના ભાગમાં થંડી બહુ પડેછે. વરસના કેટલાક મહીના સુધી દરિયાનાં તથા નદી નાળાંનાં પાણી બંધાઈને બરફ થઈ જાયછે, અને છ મહીના સુધીની લાંબી રાત અને લાંબા દિવસો થાયછે. ત્યાં થોડાંજ માણસો વસેછે, જેઓ જમીનમાં ખાડા ખોદીને તેમાં રહેછે, અને માછલી તથા જાનવરોનો શિકાર કરી તે ઉપર ગુજરાણ કરેછે. જેમ જેમ દક્ષિણે આવ્યે તેમ તેમ હવા ગરમ હોયછે. હિંદુસ્તાન તથા બ્રહ્મ દેશ એ ખંડની છેક દક્ષિણે છે, તેથી ત્યાં જે ગરમી પડેછે તે ઘણામાં ઘણી હોયછે. તોપણ એ ગરમી આફ્રિકા ખંડ કરતાં ઘણી ઓછી છે, કેમકે ત્યાં એ કરતાં પણ ઘણી વધારે પડેછે. એ ખંડના મોટા ભાગની જમીન ઘણી રસાલ છે, અને અનાજ તથા ફલફલાદીનો મોટો પાક થાયછે. જમીનમાંથી સઘળી જાતની ધાતુ તથા ઝવેરો પણ મળેછે.

એશિયા અને યુરોપ એ બંને પશ્ચિમ દિશાએથી સાથે જોડાયલાછે, અને તેમની વચે **યૂરેલયન** પર્વતો છે.

આફ્રિકા ખંડ પણ પેહેલાં એશિયા ખંડ સાથે સુએઝની સંયોગીભૂમીથી જોડાયલો હતો; પણ થોડાંક વરસ થયાં તે સંયોગીભૂમીને ખણી કાહાડી ત્યાં એક નેહેર બનાવવાથી હાલમાં તે છુટો પડી ગયોછે. અમેરિકા ખંડ પણ ઉત્તર દિશાએથી એશિયાની પાસે આવેલોછે, અને તે બેની વચે **બેહેરીંગની સામુદ્રધુની** છે.

સીમા—ઉત્તરમાં ઉત્તર મહાસાગર, પુર્વમાં પાસિફીક મહાસાગર; દક્ષિણમાં હિંદી મહાસાગર; અને પશ્ચિમમાં યૂરેલ્યન પર્વત, યૂરલ નદી, કાસ્પ્યન સમુદ્ર, કાકેસસ પર્વત, કાળો સમુદ્ર, મારમોરાનો સમુદ્ર, આર્કીપેલેગો, ભૂમધ્ય સમુદ્ર, સુએઝની નેહેર અને લાલ સમુદ્ર.

સમુદ્ર—**લાલ સમુદ્ર**, એ અરબસ્તાન તથા આફ્રિકાની વચેછે, **અરબી સમુદ્ર**, એ અરબસ્તાન તથા હિંદુસ્તાનની વચે છે. **ચીનાઈ સમુદ્ર**, એ ચીનની દક્ષિણે છે. **પીલો સમુદ્ર**, એ ચીન અને કોરયાની વચે છે. **જાપાની સમુદ્ર**, એ ચીનાઈ તારતરી અને જાપાનની વચે છે. **ઓકોટસ્કનો સમુદ્ર**, એ સાઇબીરયા અને કામસ્કાટકાની વચેછે. **કામસ્કાટકાનો સમુદ્ર**, એ કામસ્કાટકા અને અમેરિકાની વચે છે. બંગાલનો ઉપસાગર હિંદુસ્તાન તથા બ્રહ્મ દેશની વચે છે.

દેશો—અફગાનીસ્તાન, ઈરાન, અરબસ્તાન, તુર્કસ્તાન, તાતાર દેશ, રૂશિયા, જાપાન, ચીન, તિબેટ, સિઆમ, બ્રહ્મદેશ અને હિંદુસ્તાન. એ સઘળા દેશોનું વર્ણન નીચે લખ્યુંછે;—

અફગાનીસ્તાન.

એ દેશ હિંદુસ્તાનનાં વાય્ય ખુણા તરફ આવેલોછે. એ દેશના લોક મુસલમાની ધર્મ પાલેછે, અને તેઓ **પષતુ** ભાષા બોલેછે. એ દેશના રાજાને **અમીર** કહેછે. એ દેશનો કેટલોક ભાગ ઉજાડ છે, અને કેટલાક ભાગમાં ફલફલાદી સારાં થાયછે. કેટલાંક શેહરોમાં વેપાર પણ સારો ચાલેછે.

એ દેશની રાજધાની **કાબુલ** શેહેર કાબુલ નદી પર છે. એના મુ૦ શેહેર **ગજની** એમાં અસલ રાજધાની હતી; **કંદહાર** અને **હિરાત** એમાં **બલુચીસ્તાન** કરીને એક મોટો પ્રાંત છે તેની રાજધાની **ખિલાત** કરીને છે, એમાં **હીંદુકુશ** નામે એક મોટો પર્વત છે, તે ૭૦૦ કોસ લાંબો છે. એની વેપારની મુ૦ જનસો ઘોડા છે.

ઈરાન.

એ દેશ અફગાનીસ્તાનની પશ્ચિમે છે, અને તેમાં મુસલમાની ધર્મ ચાલેછે. અસલ એ દેશમાં પારસીઓ વસ્તા હતા અને જરથોસ્તી ધર્મ ચાલતો હતો. એ દેશમાં મુખ્ય કરી **ફારસી** ભાષા બોલાયછે. રાજકર્તાને શાહા કહે છે. એ દેશની જમીન રસાલ છે, અને તેમાં અનાજ તથા ફલફલાદી પુષકળ થાયછે. દરાખ પણ ઘણી પાકેછે, તેનો દારૂ બનેછે.

એ દેશની રાજધાની **તેહેરાન** શેહેર છે. એનાં મુ૦ શેહેર **ઈસ્પહાન** એ અસલની રાજધાની; **શિરાજ** એ સાદી નામના શાહેરની જન્મભૂમી; **તબરીઝ** એ વેપારનું ઠેકાણું; **અબુશાહેર** એ ઈરાનનું મુ૦ બંદર છે; **યઝદ; રએ**

એ પારસીઓના પેગમબરની જન્મભુમિ; **કરમાન; હમદાન**; **મશદ.** મુ૦ સરોવર **ઊરૂમીયા.** મુ૦ અખાત, **ઈરાની અખાત,** એ ઈરાન તથા અરબસ્તાનની વચ્ચે છે. મુ૦ બેટ **કિરમ,** એના કીનારા પરથી મોતી મળેછે; **હોર્મજ.** મુ૦ સામુદ્રધુની, **હોર્મજની સામુદ્રધુની** એ ઈરાની અખાત અને ઓમાનના અખાતની વચ્ચે છે. મુખ્ય પર્વત અલ્બોર્ઝ. વેપારની મુ૦ જનસો ગલીચા અને દરાખનો દારૂ.

અરબસ્તાન.

એ દેશ ઈરાનની પશ્ચિમે છે, અને એમાં પણ મુસલમાની ધર્મ ચાલે છે. એ ધર્મ એજ દેશમાંથી ઉત્પન્ન થયો છે. લોક ઘણાખરા ભટકતી હાલતમાં રહેછે. તેઓ જુદી જુદી ટોળીઓ થઈ જ્યાં ખોરાક મળે ત્યાં મુકામ કરેછે અને તે થઈ રહે ત્યારે બીજીગમ જાયછે. એ દેશના પશ્ચિમ કાંઠા પરના ભાગ પર તરકીના સુલતાનનો અમલ ચાલેછે, અને બાકીના ભાગમાં સ્વતંત્ર ટોળીઓ પોત પોતાને માથે સરદારો ઠરાવીને રહેછે. એ દેશમાં ખજુર ઘણો થાયછે, તે પર ત્યાંના ઘણા લોક પોતાનું ગુજરાણ ચલાવેછે. અનાજનો પાક ઝાઝો થતો નથી. એ દેશમાં **મકકા** નામે શેહેર છે તે મુસલમાન લોકનું સર્વેથી પવિત્ર શેહેર છે, અને આખી દુન્યા ઉપરના મુસલમાનો ત્યાં હજ કરવા જાયછે.

એ દેશની રાજધાની **મકકા,** એ મુસલમાનોના પેગમબરની જન્મભૂમિ; **મદીના,** એ મુસલમાનોના પેગમબરનું મૃત્યુસ્થળ; **મોખા,** એમાં કાફી સારી પાકેછે; **મસ્કત,** એ અરબસ્તાનનાં અગ્નિ ખુણામાં એક બંદર છે;

એદન એ અરબસ્તાનની દક્ષિણે એક બંદર છે, અને તેમાં અંગ્રેજી રાજ છે; **જીદા**, એ લાલ સમુદ્રના કાંઠા પર એક બંદર છે. મુ૦ અખાત **અરબી અખાત**, એ અરબસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે. મુ૦ **સામુદ્રધુની બાબલમાંદીબની સામુદ્રધુની** એ અરબી અખાત અને હીંદી માહાસાગરની વચ્ચે છે. મુ૦ ભૂશિર **રાસઅલહદ**, મુ૦ બેટ; **બાહારીનના બેટ**; વેપારની મુખ્ય જનસો ઘોડા, કાફી, સુકો મેવો અને કેટલીક જાતના ગુંદર.

તુર્કસ્તાન.

એ દેશ અરબસ્તાનની ઉત્તરે છે. એમાં પણ મુસલમાની ધર્મજ ચાલેછે. એમાં અસલનાં વારાનાં કેટલાક નામીચાં શેહેરો છે અને વેપાર સારો ચાલેછે. એ દેશ ઉપર યુરોપ્યન તુર્કસ્તાનના સુલતાન* નો અમલ ચાલેછે. એ દેશના ચાર પ્રાંત કરેલાછે; **એશિયામાઈનર; સીરિઆ; અલઝઝીરા**; અને **આરમીનિયા**. આરમીનિયાનો પ્રાંત હાલ રૂશિઆની સરકારને તાબે છે.

એ દેશની રાજધાની **સ્મિરના** છે, તે વેપારનું મોટું ઠેકાણું છે. એનાં મુ૦ શેહેર **બસરા**, એ હીંદુસ્તાન સાથનાં વેપારનું મુ૦ ઠેકાણું છે; **બગદાદ**, એ અસલના વખતમાં રાજધાની હતી; **જરૂસલેમ**, એ ખ્રીસ્તી લોકના પેગમબરની જન્મભૂમી; **અલેપો**, એ પણ એક વેપારનું ઠેકાણું છે; **દમાસ્કસ** અને **મોસલ મુ૦** નદીઓ **યુફ્રેતીસ** અને **તૈગ્રીસ**, બંને નદીઓ તારસ પર્વતમાંથી

---

* તુર્કસ્તાનના રાજાને સુલતાન કહેછે.

નીકળીને, આગળ જતાં એકઠી મળી જઇ ઈરાની અખાતમાં ખાલી થાયછે. મુખ્ય પર્વત **તૌરસ** અને **કાકેસસ**. મુ૦ સરોવર **મૃત સરોવર,** એ પાલેસ્ટાઇનમાં છે, અને એનાં પાણીમાં માછલી જીવતી નથી તથા એને કીનારે ઝાડપાન ઉગતાં નથી તેથી એને મૃત એટલે મરેલો સરોવર કહેછે; **વાન સરોવર,** એ કુર્દિસ્તાનમાં છે. વેપારની મુ૦ જનસો—ઉંચી જાતનાં ઉનની બનાવેલી કામળી અને ગાલીચા.

તાતાર દેશ.

એ દેશના બે ભાગ છે: એક સ્વતંત્ર તાતાર, અને બીજો ચીનાઇ તાતાર. સ્વતંત્ર તાતારને **તરકીસ્તાન** પણ કહેછે. એના કેટલાક ભાગપર રૂશિયાનું રાજ છે, અને બાકીના ભાગપર ત્યાંના દેશી રાજાઓ રાજ કરેછે. એ રાજાઓને **ખાન** કહેછે. ચીનાઇ તારતરીમાં ચીન દેશની સરકારનું રાજ છે. સ્વતંત્ર તારતરીના લોક મુસલમાની ધર્મ પાલેછે, અને ચીનાઇ તારતરીનાં લોક બૌધ ધર્મ પાલેછે. એ દેશના લોક પણ ઘણાખરા ભટકતી હાલતનાજ છે, અને જ્યાં ખોરાક મળે ત્યાં મુકામ કરતાં ફરેછે.

સ્વતંત્ર તાતારની રાજધાની **બુખારા** શેહેર છે. એનાં મુ૦ શેહેર—**સમરકંદ; ખીવ;** એ બંને વેપારનાં ઠેકાણાં: **તાસકંદ; ખોકાન; મર્વ.** મુ૦ નદીઓ **આમુ** અને **સીહુન;*** એ બંને નદીઓ એરલ સરોવરમાં ખાલી થાયછે. મુ૦ સરોવર–**કાસ્પિયન** અને **એરલ;**

* એ નદીને **આક્ષસ** અથવા **સિરદર્યા** કરીને પણ કહેછે.

એ બંને સરોવરનાં પાણી ખારાં છે, તેથી એમને સમુદ્ર પણ કહેવામાં આવેછે.

ચીનાઇ તાતારમાં **યારકંદ** અને **કેશગર** નામનાં બે મુ૦ શેહેર છે. તે બંને વેપારનાં ઠેકાણાં છે. એમાં મુ૦ નદી **આમુર** અથવા **સગેલિયન** નામની છે; તે આલટાઇ પર્વતમાંથી નિકળીને ઓકોટસ્કના સમુદ્રમાં ખાલી થાયછે. એનો મુ૦ પર્વત **આલટાઈ**, એ તાતાર અને રૂશિયાની વચે છે. મુ૦ સામુદ્રધુની—**તાતારની સામુદ્રધુની**, એ સગેલીઅન બેટ તથા તાતારની વચે છે, અને જાપાની સમુદ્રને તથા ઓકોટસ્કના સમુદ્રને જોડે છે; **કોરીઆની સામુદ્રધુની**, એ કોરીઆ અને જાપાનની વચે છે, અને તે જાપાની સમુદ્રને તથા પીલા સમુદ્રને જોડેછે. મુ૦ બેટ **સગેલીઅન બેટ**.

રૂશિયા.

એ દેશને **સાઈબીરીઆ** પણ કહેછે. આખા એશિઆ ખંડમાં એ દેશ કદમાં સર્વેથી મોટો છે. એનો ઉત્તર તરફનો ભાગ ઘણોખરો વેરાન છે. ત્યાં થંડી અને બરફ ઘણાં પડેછે; અને વસ્તી પણ ઘણી થોડી છે. એ દેશમાં રૂશિયાનું રાજ છે. રૂશિયાના રાજાને **ઝાર** કહેછે.

એ દેશની રાજધાની **તોબોલસ્ક** શેહેર ઓબી નદી પર છે. મુ૦ નદીઓ **ઓબી, એનીસી,** અને **લીનાં,** એ ત્રણે નદીઓ આલટાઇ પર્વતમાંથી નિકળીને ઉત્તર મહાસાગરને મળેછે. મુ૦ પર્વત **આલટાઇ પર્વત,** એ રૂશિઆ અને તાતારની વચે છે; **યૂરેલીઅન** પર્વત એ એશિઆનું રૂશિયા અને યૂરોપનું રૂશિયા એ બેની વચે

છે. એ બંને પર્વતમાં સોના રૂપાંની ખાણ છે. મુ૦ અખાત, **ઓખીનું અખાત**, તે ઉત્તર માહાસાગરમાં છે; **અનાદીનું અખાત**, તે પાસિફિક મહાસાગરમાં છે. મુ૦ સરોવર **બેકલ સરોવર**. મુ૦ ભૂશિર **પુર્વ ભૂશિર**, એ કામસ્કાટકાના દ્વિપકલ્પની દક્ષિણે છે.

જાપાન.

એ દેશના રાજાને **મીકાડો** કહેછે. લોક ઘણા કળાવાળા, હુન્નરમંદ અને ઉદ્યોગી છે. તેઓ બૌધ ધર્મ પાલેછે.

જાપાન દેશ ચાર બેટ મળીને થયલોછે; તેમનાં નામ—**યેસો, નિફોન, સિકોક** અને **કિયૂસિયૂ**. એ એ દેશની રાજધાની **જેડો** અથવા **યેડો** શેહેર, નિફોન બેટમાં છે. એનાં મુ૦ શેહેર—**માચમય**, એ યેસો બેટમાં બંદર છે; **મિયાંકો, ઓસાકા**, એ બંને શેહેર નિફોન બેટમાં છે, **નાગાસાકી** એ કિયૂસિયૂ બેટમાં બંદર છે. વેપારની મુ૦ જનસો—ચીનાઇ વાસણ તથા રોગાનદાર સામન અને રેશમી કાપડ.

ચીન.

એ દેશ વસ્તીમાં બીજા બધા દેશો કરતાં મોટો છે. એમાં આસરે ૪૫ કરોડ માણસની વસ્તી છે. એવડી મોટી વસ્તી બીજા કોઇ એક દેશમાં નથી. એ દેશનાં લોકોને **ચીના** કહેછે. તેઓ પણ જાપાનીઓની માફક ઘણા કળાવાળા, હુન્નરમંદ અને ઉદ્યોગી છે. તેઓ પણ બૌધ ધર્મ પાલેછે. એ લોક ચા ઘણી પીએછે. અફીણ પણ ઘણું ખાયછે, અને તે મુખ્ય કરી હિંદુસ્થાનથી ત્યાં જાયછે. દુન્યાં ઉપર ચાનો ફેલાવો ચીન દેશથીજ થયોછે,

અને સઘળે ઠેકાણે ચા ત્યાંથીજ જતી હતી; પણ હાલ હિંદુસ્તાનના ઉત્તર ભાગમાં પણ ચા ઘણી થાયછે, અને તે પણ દેશાવરો ખાતે જાયછે. કોડીનાં રોગાનદાર વાસણ બનાવવાનો હુન્નર પણ પ્રથમ એજ દેશમાંથી નીકળ્યો હતો. છાપવાનો હુન્નર પણ એ દેશમાં અસલના વારાથીજ જણાયલો હતો. દારૂગોલો અને હોકાયંત્રની શોધ પણ પ્રથમ એજ દેશમાં થયલી કહેવાયછે. ચીનના રાજાને શાહાનશાહાનો એલકાબ છે. ચીન દેશની આસપાસ ઘણા કોસ સુધી લાંબી દેવાલ બાંધેલી છે.

એ દેશની રાજધાની **પેકીન** શેહેર છે. એનાં મુ૦ શેહેર—**નાનકિન.** એ યાંગસિક્યાંગ નદી ઉપર વેપારનું મોટું ઠેકાણું છે; **શાંગહાય; હાંગચુ; નિંગપો; ફુચાઊ; આમોય; કનતાન,** એ મોટું બંદર છે. મુ૦ નદીઓ **હોઆંગહો** અને **યાગસિકયાગ;** એ બંને બદીઓ તિબેટનાં પાહાડમાંથી નીકળી પીલા **સમુદ્રને** મળેછે, મુ૦ **સામુદ્રધુની ફ્રાર્મોસાની સામુદ્રધુની;** એ ચીન તથા ફ્રાર્મોસાની વચ્ચે છે, અને તે ચીનાઈ **સમુદ્ર** અને પાસિફિક—મહાસાગરને જોડેછે. મુ૦ બેટ—**ફ્રાર્મોસા; લુચુ; હેનાન** અને **મકાઊ,** એમાં પોરટુગીઝ રાજ છે. **હાંગકાંગ** એમાં ઈંગ્રેજી રાજ છે. વેપારની મુ૦ જનસો ચાહ, ખાંડ, રેશમી કાપડ, માટીનાં રોગાનદાર વાસણ વગેરે.

તિબેટ.

એ દેશ હિંદુસ્તાનની ઉત્તરે આવેલોછે, અને વચ્ચે હિમાલય પર્વત છે. બૌધ ધર્મની ઉત્પંતી એ દેશમાંથી થઈ હતી, અને તેનું મુખ્ય મથક એજ દેશમાં છે. બૌધ

ધર્મના વડા ધર્મગુરૂને **લામા** કહેછે. તે **લ્હાસા** શેહેરમાં રહેછે. દુન્યામાંના બીજા હરકોઈ ધર્મ કરતાં બૌધ ધર્મ પાલનારા લોકની સંખ્યા મોટી છે. એ દેશના કેટલાક લોક ખેતી કરેછે, કેટલાક હુનરની ચીજો બનાવેછે, અને કેટલાક ભટકતી હાલતના છે. એ દેશ ઉપર ચીનના શાહાનશાહાનો અમલ છે.

એ દેશની રાજધાની **લ્હાસા** શેહેર, સામપુ નદી પર છે. મુ૦ શેહેર **લાડક** અથવા **લેહ.** એ દેશ હિંદુસ્તાનની ઉત્તરે આવેલોછે, અને એ બેની વચે **હિમાલય પર્વત** છે, તેથી તે પર્વત એ દેશમાં પણ આવેલો ગણાય છે. તેમજ **સિંધુ** અને **બ્રહ્મપુત્ર** નદીઓ પણ એ દેશમાંથી નિકળી હિંદુસ્તાનાં આવેછે, તેથી એ નદીઓ એ દેશની નદીઓમાં પણ ગણાયછે. મુ૦ સરોવર—**ટેંગ્રીનોર; પાળટી** અને **રાવણહ્રદ.** વેપારની મુ૦ જનસો, શાલ વગેરે બનાવવાનું ઉંચી જાતનું ઉન.

સિઆમ.

એ દેશ હિંદુસ્તાનની પશ્ચિમે છે. ત્યાંના લોક પણ બૌધ ધર્મ પાલેછે.

એ દેશની રાજધાની **બાંકોક** શેહેર, મીનામ નદી પર છે. મુ૦ અખાત—**સિઆમનું અખાત**, મુ૦ સંયોગીભૂમિ—**ક્રોની સંયોગીભુમિ.** મુ૦ સામુદ્રધુની—**મલાકાની સામુદ્રધુની,** એ મલાયા અને સુમાત્રાની વચે છે.

એ દેશની દક્ષિણે એક મોટો દ્વીપકલ્પ છે, **તે મલાયાનો દ્વીપકલ્પ** કહેવાયછે. એમાં ત્રણ શેહેર—**મલાકા;**

સીંગાપોર; અને **પીનાંગ** છે; પીનાંગ અંગ્રેજ સરકારને તાબે છે. સીંગાપોર અને પીનાંગ એ બંને બેટો છે.

એ દેશની પૂર્વે અનામનો મુલક છે. તેની રાજધાની **સાયગોન** નામે શેહેર છે, તેમાં ફ્રેન્ચ લોકનું રાજ છે. એમાં **કેમબોજ** નામે એક નદી છે, તે હીંદી મહાસાગરમાં ખાલી થાયછે.

બ્રહ્મ દેશ.

એ દેશ પણ હિંદુસ્તાનની પશ્ચિમે છે, અને ત્યાંના લોક પણ બૌધ ધર્મ પાલે છે.

એ દેશનો કેટલોક ભાગ અંગ્રેજ સરકારને તાબે છે. તેની રાજધાની **રંગુન** શેહેર ઇરાવદી નદીને કાંઠે છે, તેનાં મુ૦ શેહેર **પેગુ; આરાકાન** અને **આસામ** છે; એ ત્રણે શેહેર એજ નામનાં પ્રાંતોમાં છે. અને **મારતાબાન** તથા **મોલમેન** એ બંને મારતાનના અખાતમાં બંદરો છે, મોલમેનથી સાગલી લાકડાં અતરે ઘણાં આવે છે.

બાકીનો ભાગ બ્રહ્મદેશના રાજાને તાબે છે. તેની રાજધાની **માંડલે** શેહેર છે. મુ૦ શેહેર—**આવા** તથા **અમરપુર** મુ૦ નદી—**ઈરાવદી,** તે બંગાલના ઉપસાગરમાં ખાલી થાયછે.

પ્રકરણ ૬ ઠું.

યુરોપ ખંડ.

યુરોપ ખંડ એશિયા ખંડની પશ્ચિમે આવેલો છે. એ ખંડ કદમાં સર્વેથી નાનો છે પણ વિધા, હુન્નર અને સુધારામાં સર્વેથી ચઢતો છે. એમાં વસનારા લોક **યૂરોપ્યન**

કેહવાયછે, અને તેઓ સઘળા રંગે ગોરા હોયછે. ત્યાંની હવા થંડી હોવાથી લોકોનો રંગ ગોરો હોય છે. એ આખા ખંડમાં થંડી હવા છે, તેમાં તેના દક્ષિણ ભાગ કરતાં ઉત્તર ભાગમાં બહુ થંડી પડેછે. એ આખા ખંડમાં, એક તુર્કસ્તાન સિવાય સઘળે ખ્રિસ્ટી ધર્મ ચાલેછે. તુરકસ્તાનમાં મૂસલમાની ધર્મ ચાલેછે. એ ખંડમાં સુતરાઉ રેશમી, તથા ઉનનું કાપડ, દરાખનો દારૂ, કાચ તથા કોરીકામ અને લોહોડાં વગેરેની ધાતુની બનાવટો થાયછે; અને તે આપણા દેશમાં ઘણી આવેછે. આપણા દેશમાંથી રૂ, સણ, તેલ કહાડવાનાં ઘણીક જાતના બીયાં, ઘઉં વગેરેનો અનાજ અને બીજી કેટલીક પદાર્થો ત્યાં જાયછે. એ ખંડ અને આપણા દેશ વચે મોટી મોટી આગબોટો તથા વહાણો ફરેછે, અને તેમની મારફતે માલની તથા લોકોની આવજાવ થાયછે.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર; પશ્ચિમે આટલાનટિક મહાસાગર; દક્ષિણે ભૂમધ્ય સમુદ્ર, આર્કિપેલેગો, મારમોરાનો સમુદ્ર કાળો સમુદ્ર અને કાકેસસ પર્વત; અને પુર્વે કાસ્પ્યન સમુદ્ર, યૂરલ પર્વત અને યૂરલ નદી.

સમુદ્ર—શ્વેત સમુદ્ર, એ રૂશિયાની ઉત્તરે છે. **બાલ્ટિક સમુદ્ર**, એ રૂશિયા, પ્રુશિયા અને સ્વિડનની વચે છે, **ઉત્તર સમુદ્ર**,* એ ઇંગ્લંડ, જર્મની અને ડેનમાર્કની વચે છે. **ભૂમધ્ય સમુદ્ર**, એ યૂરોપ અને આફ્રિકાની વચે છે. **એડ્રિએટિક સમુદ્ર**, એ ઇટલી અને તુર્કસ્તાનની વચે છે.

આર્કિપેલેગો અથવા **ઇજ્યન સી**, એ ગ્રિસ અને એશિયા તુર્કસ્તાનની વચે છે. **મામોરાનો સમુદ્ર**, એ

*એનું બીજું નામ જર્મન સમુદ્ર છે.

યુરોપ્યન તુર્કસ્તાન અને એશિયાઇ તુર્કસ્તાનની વચ્ચે છે. **કાળો સમુદ્ર**, એ રૂશિયા અને એશિયાઇ તુર્કસ્તાનની વચ્ચે છે, **આઝોફ સમુદ્ર**, એ રૂશિયાની દક્ષિણે છે.

દેશો—ગ્રેટબ્રિટન અને આયર્લાંડ, ફ્રાન્સ, સ્પેન, પોર્તુગલ, બેલજિયમ, હાલંડ, જર્મનિ, ડેન્માર્ક, સ્વીડન અને નાર્વે, યુરોપ્યન રૂશિયા, આસ્ત્રિઆ અને હંગરી, સ્વિટઝરલાંડ, ઇટલી, યુરોપ્યન તુર્કસ્તાન, અને ગ્રિસ.

ગ્રેટબ્રીટન અને આયર્લાંડ.

ઈંગ્લંડ અને સ્કાટલંડ મળીને ગ્રેટબ્રિટન કહેવાયછે. ઈંગ્લંડના એક ભાગને વેલ્સ કહેછે. ગ્રેટબ્રિટનની પશ્ચિમે આયર્લંડ બેટ છે. એ સર્વે ઉપર અંગ્રેજી રાજ છે. અંગ્રેજી અમલ પૃથ્વીના બીજા ઘણા ભાગો પર તથા આપણા દેશોમાં પણ ચાલેછે. હાલમાં મહારાણી વીકટોર્યા અમલ ચલાવેછે. તે ઘણી ભલી, દયાળુ, પરમાર્થી અને ઇનસાફી છે. તે હિંદુસ્તાનની શેહેનશાહબાનુ કેહવાયછે.

ઈંગ્લંડ.

મુ૦ શેહેરો લંડન—એ રાજધાનીનું શહેર ટેમ્સ નદી ઉપર છે. એ દુન્યામાં મોટામાં મોટું શહેર છે. **લિવર્પૂલ** એ મર્સી નદી ઉપર મોટું બંદર છે. **માન્ચેસ્ટર** સૂતરને કાપડનાં કારખાનાંને માટે પ્રખ્યાત છે. **ન્યુકાસ્ટલ** ટાઇન નદી ઉપર છે. એની પડોશમાં કોયાલાની મોટી ખાણો છે, **બર્મિંગહામ** અને **શેફ્રીલ્ડમાં** છરીઓ વગેરે લોઢાનાં હથિઆરો બનેછે. **લીડઝમાં** ઉનની જનસો બનાવવાનાં કારખાનાં છે. **નોટિંગહામમાં** કોર અને મોજાં

સારાં વણાયછે. **બ્રિસ્ટલ** અને **હલ** એ બે મોટાં બંદર છે. **ઓક્સફર્ડ** અને **કેમ્બ્રિજ** યુનિવર્સિટિઓને માટે પ્રખ્યાત છે. **પોર્ટસમથ** અને **પ્લિમથ,** એ ઈંગ્લાંડની નૌકાસૈન્યનાં સ્થળ છે. **મુ૦ પર્વતો—ચિવિઅટ પહાડ** એ ઈંગ્લાંડ અને સ્કાટલાંડની વચ્ચે છે. **સ્કાફેલ** અને **સ્નોડન· મુ૦ નદીઓ–ટેમ્સ** ઈંગ્લાંડની દક્ષિણે છે. તે જર્મન સમુદ્રને મળેછે. એને કાંઠે લંડન શેહેર છે. **સેવર્ન** એ બ્રિસ્ટલ ચાનલને મળેછે. **મર્શી** એ આઈરિશ સમુદ્રને મળેછે. એને કાંઠે લીવર્પૂલ છે. **ટાઈન, ટ્રેન્ટ, હમ્બર, આઊસ, ડી,** અને **વાઈ· મુ૦ સરોવરો—ડર્વેન્ટવાટર, અલ્સ્વૉટર,** અને **વિન્ડમીર· મુ૦ બેટો—માન આંગલ્શી, વાઈટ જર્શી, ગર્નસી મુ૦ ભૂશિરો લાન્ડસ એન્ડ, લિઝર્ડ, સ્ટાર્ટ, બીચીહેડ, સ્પર્નહેડ, ફ્લાંબરોહેડ· મુ૦ સામુદ્રધુનીઓ—મનાઈની** સામુદ્રધુની એ કાનાર્વન અને આંગલ્સી બેટની વચ્ચે છે. **ડોવરની,** સામુદ્રધુની એ જર્મન સમુદ્ર અને ઈંગ્લીશ ચાનલને જોડેછે. **મુ૦ અખાતો—શાલ્વેફ્ર્થ, મોરીકાંબી, બ્રિસ્ટલ ચાનલ, કાર્દીગન, વાશ· વેલ્સનાં મુ૦ શહેરો-કાર્દિફ** અને **સ્વાન્શી** એ બે મોટા બંદરો છે, અને **મર્થીર તિડ્વિલ** એ મોટામાં મોટું શેહેર છે. **મિલફોર્ડહેવન** બંદર એવું તો મોટું છે કે તેમાં સઘળું ઈંગ્રેજી નૌકાસૈન્ય સહીસલામત રહી શકેછે. **વેપારની મુ૦ જનસો**—કલાઈ, કોયલા,ઉન અને રૂનું કાપડ, લોઢાંનો સામાન, કાચ, યંત્રો, કાગળ ઈત્યાદિ.

સ્કાટલાંડ.

મુ૦ શેહેરો—એડિનબરો એ રાજધાની. **ગ્લાસગો** એ વેપારી શેહેર છે. **આબરદીન** અને **દંદીમાં** સણનું કાપડ બનેછે. **ગ્રીનાક** અને **લીથ** એ મોટાં બંદર છે. **મુ૦ પર્વત—બેનવિસ** પર્વત એ ગ્રેટબ્રિટનમાં સર્વથી મોટામાં મોટો છે. સ્કાટ્લાંડનો ઉત્તર અને મધ્ય ભાગ બધો પહાડી છે. **મુ૦ નદીઓ—ટીદ, ફેર્થ, ટે, દી સ્પે, નેસ,** એમાંની પહેલી છ નદીઓ સ્કાટ્લાંડની પૂર્વે સમુદ્રને મળે છે. **મુ૦ સરોવર—લાક લોમોન્દ, લાક શિન, લાક મારી. મુ૦ બેટો—આર્કની, શેટલાંદ, હેબ્રિદીસ. મુ૦ ભૂશિરો—દનેટહેદ. ગાલોવેનો મલ. મુ૦ અખાતો—ફેર્થ. ટે, મોરે, કલૈદ, સોલ્વે** વગરે.

આયર્લાંડ.

મુ૦ શેહેરો—રાજધાની **ડબ્લિન,** લિફી નદી ઉપર છે. એની પાસે **કિંગ્સટાઊન** બંદર છે. **બેલફાસ્ટમાં** સણનું કાપડ સારૂં બનેછે. **વાટર્ફોર્ડ, કાર્ક, કવીન્સટાઊન, લિમરિક,** અને **લંડનડરી. મુ૦ પર્વતો**—પૂર્વ કાંઠે **મોર્ન** અને **વિકલો** પર્વત છે. **મુ૦ નદીઓ—ફોઈલ** અને **બાન** એ ઉત્તરે વહેછે. **બાઈન, લિફી,** અને **સ્લેના** એ આઇરિશ સમુદ્રને મળેછે. **સુઅર** અને **લી** એ દક્ષિણ તરફ સમુદ્રને મળેછે. આયર્લાંડમાં સૌથી મોટામાં મોટી નદી **શાનન** છે તે કેટલાંક સરોવરમાં થઇને પશ્ચિમ તરફ આટલાંટિક માહાસાગરને મળેછે. **મુ૦ સરોવર નિઆ, અર્ન, મારક કારિબ, રી, દર્ગ, કિલાની,**

ઇત્યાદી. **મુ૦ બેટો**—ઉત્તરે **રાથલિન**, પશ્ચીમે **ક્લેરબેટ, આરામ**, અને **બાલેન્શિઆ**, ઇત્યાદી **મુ૦ ભુશીરો**—**ક્લીઅર**, એ આયર્લાંડની દક્ષિણે એક બેટમાં છે. **માલિન હેદ** એ આયર્લાંડનું છેક ઉત્તર બિંદુ. પૂર્વમાં **ફેરહેદ**, ઇત્યાદી **મુ૦ અખાત ડોનિગલ સ્લૈગો ગાલબે, બેલફાસ્ત, ફોઇલ**, ઇત્યાદી, બીજા ઘણા અખાત કાંઠા પર છે.

ફ્રાન્સ.

મુ૦ શેહેરો—**પારિશ** એ સીન નદી ઉપર છે. એ ફ્રાન્સની રાજધાની છે અને આખી દુનિયામાં સૌથી સુંદર શહેર છે. **રૂએન, લાઇલ, ટુલુશ, નાનન્સ** અને **બોર્દો** એમાં દ્રાક્ષનો દારૂ સારો થાય છે. **માર્શેલ્સ** અને **તુલોન** નામે બે મોટાં બંદર છે. **લૈઓન્સ** એમાં રેશમી વણટનાં કારખાનાં છે. **મુ૦ પર્વતો**—**પિરીનીઝ** ફ્રાન્સ અને સ્પેનની વચે છે. **આલ્સ** ફ્રાન્સને ઇટાલિ તથા સ્વિટઝર્લાંડથી જુદો પાડેછે. **મુ૦ નદીઓ**—**સીન** એ ઇંગ્લિશ ચાનલને મળેછે. **લુઓર** અને **ગારોન** બિસ્કેના ઉપસાગરને મળે છે. **રોન** એ લૈઓન્સ અખાતને મળેછે. **મુ૦ બેટો**—**કાર્સિકા, હિરીઝ, અશન્ટ**, ઇત્યાદી. **મુ૦ ભુશિરો**—**લાહોગ** અને **બાપ્લુર** એ ફ્રાન્સની ઉત્તરે છે. **મુ૦ અખાતો** તથા **ઉપસાગરો**—**બિસ્કેનો** ઉપસાગર એ ફ્રાન્સની પશ્ચમે છે. **લૈઓન્સ** અખાત એ ફ્રાન્સની દક્ષિણે છે. **વેપારની મુ૦ જનસો**—દ્રાક્ષનો દારૂ, રેશમી, સણનું અને ઉંનનું કાપડ, કોર, કાચ, મેવા, આભષણ ઇત્યાદિ.

સ્પેન.

મુ૦ શેહેરો—માદ્રિદ એ માંઝનરીઝ નદીને કાંઠે રાજધાની છે. **ટાલીડો** એ ટેગસ નદી ઉપર છે. **સાલામાકા**-માં એક યુનિવર્સિટિ છે. **સારાગોસા** એ ઇબ્રો નદીને કાંઠે છે. **બાર્સીલોના, વાલેન્શિયા,** કેડિઝ, **કોરના** વગેરે મોટાં બંદર છે. **જિબ્રાલ્ટર** એ જિબ્રાલ્ટરની સામુદ્રધુની ઉપર ઘણો મોટો કિલો છે તે અંગ્રેજને તાબે છે. **મુ૦ પર્વત—પિરીનીઝ** એ ફ્રાન્સ અને સ્પેનની વચ્ચે છે. **મુ૦ નદીઓ—દુરો** અને **ટેગસ,** આટલાંટિક મહા-સાગરને મળેછે. ઇબ્રો ભૂમધ્ય સમુદ્રને મળેછે. **મુ૦ બેટો—બીલીઆરી ટાપુઓ** (માજોર્કા, મિનોર્કા, ઐવિઝા અને ફ્રામેંન્ટરા) ભૂમધ્ય સમુદ્રમાં છે. આટલાંટિક મહા-સાગરમાં **કાનેરી** ટાપુઓ છે. **મુ૦ સામુદ્રધુની—જિબ્રાલ્ટરની** સામુદ્રધુની સ્પેન અને આફ્રિકાની વચ્ચે છે, ને તે આટલાંટિક માહસાગરને અને ભૂમધ્ય સમુદ્રને જોડે છે. **મુ૦ ભુશિરો—ઓર્ટિગલ, ફિનિસ્ટેર** અને **ટ્રાફાલગર. વેપારની મુ૦ જનસો**—ધાન્ય, ઘોડા, તલ-વારનાં પાનાં, ચામડાં, રેશમ, ઉન, દ્રાક્ષનો દારૂ, બદામ, નારંગી, અને બીજો મેવો. સ્પેનમાં ખનિજો પુષ્કળ છે.

પોર્તુગાલ.

મુ૦ શેહેર—લિસ્બોન એ રાજધાની ટેગસ નદીના મુખ ઉપર છે. ઓપોર્ટો એ દૂરો નદી ઉપર છે. એમાં દ્રાક્ષનો દારૂ સારો થાયછે. **કોઇમ્બ્રાંમાં** યુનિવર્સિટિ છે. **મુ૦ નદીઓ—દુરો** અને **ટેગસ** એ બંને આટલાંટિક મહાસા-

ગરને મળેછે. **મુ૦ બેટો—આઝોર્સ, મદીરા, અને કેપવર્દ** બેટ આટલાંટિક મહાસાગરમાં છે. **મુ૦ ભુશિર સેંટવિનસેંટ** અને **સાંતામેરીયા. વેપારની મુ૦ જનસો**—દ્રાક્ષનો દારૂ, ઉન, બદામ, નારંગી અને બીજો મેવો, રેશમી કાપડ, ઇત્યાદિ.

બેલજિયમ.

એ ફ્રાન્સની ઇશાન કોણમાં નાનો દેશ છે. **મુ૦ શેહેરો—બ્રસેલ્સ** એ સેન નદીને કાંઠે રાજધાની છે અને શેતરંજી વગેરેની વણટને માટે પ્રખ્યાત છે. **આન્ટવર્પ** એ શેલ્ટ નદી ઉપર વેપારનું સ્થળ છે. **માલીન્સ, ઘેન્ટ, લીએજ** અને **ઓસ્તેન્દ, મુ૦ નદીઓ—મ્યુસ** અને **શેલ્ટ** એ બંને જર્મન સાગરને મળેછે. **વેપારની મુ૦ જનસો**—ઢોર, કોયલા અને લોહું.

હોલાંડ અથવા નેધલીંડ.

એ નાનું રાજ્ય બેલજિયમની ઉત્તરે છે.

મુ૦ શેહેરો—આમસ્ટાર્દામ એ વાઇ નદી ઉપર રાજધાની છે, અને મોટા વેપારનું **સ્થળ** છે. **રોટર્દામ** મ્યુસ નદી ઉપર વેપારની જગ્યા છે. **હેગ** અને **લેડન. મુ૦ નદીઓ—મ્યુસ—હાઇન,** અને **શેલ્ટ** એ ત્રણે જર્મન સમુદ્રને મળેછે. **મુ૦ બેટો—વાલકેરન** અને **ટેક્સલ,** હોલાંડના રહેવાસીઓને આપણા લોક વલંદા કહે છે. ઇંગ્રેજીમાં તેમને ડચ કહેછે. **વેપારની મુ૦ જનસો**—ઢોર અને દરિયાઇ માછલી.

જર્મની.

જર્મની દેશ એકથી વધારે સંસ્થાનો તથા રાજ્યો મળીને થયલોછે. તેઓમાં મુખ્ય સંસ્થાન **પ્રશિયા, સાકસનિ, બાવેરયા,** અને **વર્ટેમ્બર્ગ** છે. એઓમાં સર્વેથી વડું પ્રશિયા છે. એ સીવાય બીજા કેટલાંક નાનાં સંસ્થાનો છે.

મુ૦ શેહેરો—ડાનટ્ઝિગ, વિસ્ટુલા નદીનાં મુખ આગળ છે. એ અનાજના વેપારનું મોટું ઠેકાણું છે. **બ્રેસ્લા, ફ્રાન્કફોર્ટ,** અને **સ્ટેટિન** ઓદર નદી ઉપર. **બર્લિન,** સ્પ્રી નદીને કાંઠે જર્મનીની રાજધાની છે; **દ્રેસ્દન,** સાકસનિની રાજધાની છે; **હામબર્ગ** એલ્બ નદી ઉપર મોટા વેપારનું ઠેકાણું છે. **બ્રેમેન** વીસર નદીને કાંઠેછે. **ફ્રાન્કફોર્ટ,** મેઇને નદીને કાંઠે. **મ્યુનિચ** બાવેરિઆની રાજધાની. **મુ૦ નદીઓ—વિસ્ટુલા** અને **ઓદર** એ બંને બાલટિક સમુદ્રને મળેછે. **એલ્બ, વીસર,** અને **હાઈન** એ ત્રણ નદીઓ ઉત્તર સમુદ્ર (જર્મન સાગર) ને મળેછે. મોટી **ડાન્યુબ** નદી જર્મનિની દક્ષિણે વર્ટેમ્બર્ગ અને બાવેરિઆ સંસ્થાનોમાં થઇ આસ્ત્રિઆમાં જાયછે. **વેપારની મુ૦ જનસો**—ઉનનું તથા રેશમી કાપડ, કોડીનાં વાસણ, રમકડાં વગેરે.

ડેન્માર્ક.

મુ૦ શેહેર—કોપન્હેગન, એ રાજધાની ઝીલાંડ બેટમાં છે. **એલસિનોર** પણ ઝીલાંડમા છે. **મુ૦ બેટો—ઝીલાંડ, ફ્યુનેન, ઔસલાંડ. મુ૦ સામુદ્રધુનિઓ—**

સૌન્દ, એ સ્વીડન અને ઝીલાંડની વચે છે. **કાટીગાટ** એ જતલાંડ અને સ્વીડનની વચે છે. **સ્કાગરાક** એ જટલાંડ અને નાર્વેની વચે છે. **મુ૦ અખાત—લિમ્ફ્યોર્દ** જતલાંડમાં છે. **વેપારની મુ૦ જનસો—**ઢોર અને ધાન્ય.

સ્વીડન અને નાર્વે.

સ્વીડન અને નાર્વેને **સ્કાંદિનેવિઆ** પણ કહેછે. એ બંને દેશો મળી એક રાજ્ય થયલું છે.

સ્વીડન.

મુ૦ શેહેર—સ્ટાકહોમ, એ રાજધાની, મીલર સરોવર અને બાલ્ટિક શમુદ્રના સંગમ ઉપર; **અપ્સાલા** અને **ગોટબર્ગ. મુખ્ય સરોવર—વેનર, વેટર,** અને **મીલર. મુખ્ય ટાપુઓ—ગોથલાંડ** અને **ઓલાંડ.**

નાર્વે.

મુ૦ શેહેરો—ક્રિસ્તિઆના એ રાજધાની છે. **બર્ગન** એ વેપારનું સ્થળ છે. નાર્વેની ઉત્તરે **હામર્ફેસ્ટ** નામે શેહેર યૂરોપ ખંડમાં સર્વેથી ઉત્તરમાં છે. એમાં ઉનાલામાં બે માસ સૂધી સૂર્ય આથમતોજ નથી. **મુ૦ બેટ—માજીરો** અને **લોફોદન** સમૂદ્ર. **મુ૦ ભુશિરો—નોર્દકિન** એ યુરોપ ખંડનું છેક ઉત્તર બિંદુ છે. **ઊત્તર ભુશિર** અને **નાજ ભુશિર સ્વીડન** તથા **નાર્વેની** વેપારની મુ૦ જનસ લોઢું છે. સ્વીડનની લોઢાંની ખાણો આખી દુનિયામાં પ્રસિદ્ધ છે.

રૂશિયા.

પોલાંડ નામે પહેલાં સ્વતંત્ર રાજ્ય હતું તે એમાં આવેલું છે. **મુ૦ શેહેરો—સેંટપોટર્સબર્ગ,** એ હાલની રાજધાની નીવા નદી ઉપર છે. **મોસ્કો** એ મોસ્કવા નદી ઉપર છે. એ રૂશિયાની જુની રાજધાની છે. **વાર્સા** એ પોલાંડની રાજધાની વિસ્ચુલા નદી ઉપર છે. **આસ્ત્રાખાન,** એ વોલ્ગા નદી ઉપર બંદર છે. **ઓદેસ્સા** એ કાળા સમુદ્રના કાંઠા ઉપર બંદર છે; અને **સેબાસ્તપોલ** એ ક્રિમીઆ દ્વીપકલ્પને કાંઠે નૌકાસૈન્યનું સ્થળ છે. **મુ૦ પર્વત—કાકેસસ,** એ યુરોપમાં ઉંચામાં ઉંચા પર્વત છે, અને **યુરલ** પર્વત. **મુ૦ નદીઓ—દ્વીના** એ શ્વેત સમુદ્રને મળેછે. **વિસ્ચુલા** બાલ્ટિક સમુદ્રને મળેછે. **નિપર** એ કાળા સમુદ્રને મળેછે. **ડોન** એ આઝોફ સમુદ્રને મળેછે. **વોલ્ગા અને યુરલ** એ બંને નદીઓ કાસ્પિઅન સમુદ્રને મળેછે. **મુ૦ બેટ—સ્પિટસ્બર્ગન અને નોવાઝેમ્બ્લા,** એ ઉત્તર મહાસાગરમાં છે. **મુ૦ સરોવર—લાદોગા, ઓનિગર, ઈલ્મેન** ઇત્યાદિ. યુરોપમાં મોટામાં મોટું મીઠાં પાણીનું સરોવર લાદોગા છે; અને કાસ્પિઅન સમુદ્ર આખી દુનિયામાં મોટામાં મોટું ખારાં પાણીનું સરોવર છે. **મુ૦ સામુદ્રધુની—કર્ટક** એ આઝોફ સમુદ્ર અને કાળા સમુદ્રને જોડેછે. **મુ૦ અખાત—આર્ખેંજલ ઓનીગા, બોથનિઆ, ફ્રિન્લાંડ** અને **પેરીકાપ. રૂશ** લોક યુરોપની બીજી પ્રજા જેટલા સુધરેલા નથી. એ દેશ ઉપર અધિકાર ચલાવનાર પાદશાહને ઝાર કહેછે, અને એની ઇચ્છા પ્રમાણે ધારા બાંધવા વગેરેનું

સઘળું કામ ચાલેછે. વેપારની મુ૦ જનસો—અનાજ, લાંકડાં, ચરબી, તેલ, ઉન, ચામડાં વગેરે.

આસ્ત્રીઆ અને હંગેરી.

આસ્ત્રિઆ અને હંગેરી એ બંને દેશો મળીને એક મોટું રાજ્ય થયેલુંછે. આસ્ત્રિઆની પૂર્વે હંગેરી છે.

મુ૦ શેહેર—વિએના, એ રાજધાની ડાન્યુબ નદી ઉપર છે. **પ્રેસ્બર્ગ, બ્યુડા,** અને **પેસ્થ** પણ ડાન્યુબ નદી ઉપર છે. **પેસ્થ** એ હંગેરીની રાજધાની છે. **પ્રેગ** એ બોહિમિઆ પ્રાંતની રાજધાની છે. **ત્રિએસ્ત** એ આદ્રિઆટિક સમુદ્રને કિનારે મોટું બંદર છે. **મુ૦ નદીઓ—ડાન્યુબ** એ જર્મનિમાંથી નીકળી આસ્ત્રિઆમાં જાયછે. **ઈન, ડ્રેવ, થીસસેવ,** ઇત્યાદિ નદીઓ ડાન્યુબને મળેછે. **વેપારની મુ૦ જનસો**—લાકડાં, ઉન, લોઢાંનો સામાન, હથિયાર, યંત્રો વગેરે.

સ્વિટઝર્લાંડ.

યુરોપના સઘળા દેશો કરતાં એ દેશ વધારે પહાડી છે. એમાં આલ્પ્સ પર્વતની ત્રણ મોટી હાર છે. આલ્પ્સ પર્વતનું **મોંબ્લાં** નામે ઉંચામાં ઉંચું શિખર છે.

મુ૦ શેહેરો—જિનીવા એ હોન નદી ઉપર છે, અહિં એ નદી જિનીવા સરોવરમાંથી નીકળેછે. એ શેહેરમાં ઘડિઆળ અને ઘરેણાં સારાં બનેછે. **બેસલ** હાઇન નદી ઉપર રેશમના વેપારને માટે પ્રસિદ્ધ છે. **બર્ન** એ આર નદી ઉપર રાજધાની છે. **ઝુરિચમાં** યુનિવર્સિટિ છે. **મુ૦ નદીઓ—હાઈન** અને **હોન. મુ૦**

સરોવરો કૉન્સ્ટન્સ અને **જિનવા. વેપારની મુ૦ જનસો**—રેશમ, ઘડિયાળ, ભરતકામ ઇત્યાદિ.

ઈ ટા લી.

મુ૦ શેહેરો—રોમ, એ રાજધાની તૈબર નદીને કાંઠે છે. આખી દુનિયામાં પ્રસિદ્ધિને પામેલાં શેહેરોમાંનું એ એક છે. રોમન કાથલિક ધર્મનો વડો ધર્મ ગુરૂ જે **પોપ** કહેવાયછે તે એ શેહેરમાં રહે છે. **નેપલ્સ** અને **મિલાન. પાલર્મો** એ સિસિલિ બેટની રાજધાની છે. **ટ્યુનિસ** એ પો નદીને કાંઠે છે. **ફ્લોરેન્સ** આર્નો નદી ઉપર તસ્કનિ પ્રાંતની રાજધાની છે. **લેગહોર્ન, જીનોઆ, વેનિસ** અને **બ્રિન્ડિસિ** એ બંદરો છે. **મુ૦ પર્વતો—આલ્પ્સ** અને **આપીનૈસ, વિસુવિયસ** અને **એટના** એ બે જવાળા મુખી પર્વત છે. **મુ૦ નદીઓ પો** અને **આદિજ,** એ બંને આદ્રિઆટિક સમુદ્રને મળેછે. **આર્નો** અને **તૈબર** એ બંને ભૂમધ્ય સમુદ્રને મળેછે. **મુ૦ બેટો—સિસિલિ** એ બેટ ઇટાલીના દક્ષિણે છે. ભૂમધ્ય સમુદ્રમાં એ મોટામાં મોટો બેટ છે. **સાર્દિનિઆ, અલ્બા,** ઇત્યાદિ. સિસિલિની દક્ષિણે **માલ્તા** અને **ગોઝો** ઇંગ્રેજના તાબામાં છે. **મુ૦ સરોવરો ગાર્દા, કોમો,** અને **માજ્જિઓરી. મુ૦ ભૂશિરો—સ્પાર્તિવેન્તો,** ઇતાલિની દક્ષિણે અને **પારસારો,** સિસિલિની દક્ષિણે છે. **સામુદ્રધુની—ઓત્રાન્તો** ઇટાલી અને તુર્કસ્તાનની વચે છે. **મેસિનાની** સામુદ્રધુની ઇટાલી અને સિસિલિની વચે છે. **બોનિફેશિઓની** સામુદ્રધુની સાર્દીનિઆ અને કોર્સિકાની વચે છે. **મુ૦ અખાત—વેનિસ** અખાત, **તારન્તો** અખાત, અને

જીનોઆ અખાત. **વેપારની મુ૦ જનસો**—મેવો, દારૂ, રેશમ, ગંધક, આરસ ઇત્યાદિ છે.

તુર્કસ્તાન.

એ દેશ ઉપર રાજ કરનાર મુસલમાન રાજાને સુલતાન કહેછે. એના ૮ ભાગ કે રાજ્ય કરેલાછે. વળી ડાન્યુબ નદીની દક્ષિણે **રોમાનિઆ.** રોમાનિઆની નૈરૂત્ય કોણમાં **સરવીઆ,** અને સરવીઆની દક્ષિણે **મોંતીનિગ્રા** એ ત્રણ સંસ્થાન લગભગ સ્વતંત્ર છે. **મુ૦ શેહેરો—કોન્સ્તાન્તિનોપલ,** અથવા **ઈસ્તંબુલ** એ રાજધાની. **આદ્રિઆનોપલ,** એ વેપારનું સ્થળ છે; **બુચરેસ્ત** એ રોમાનિઆ પ્રાંતની રાજધાની છે; **બેલગ્રેદ** એ સેવ અને ડાન્યુબ નદીઓના સંગમ ઉપર સર્વિઆ પ્રાંતની રાજધાની છે; **સાલોનિકિ** એ એજ નામે અખાત ઉપર બંદર છે; અને **ગાલિપુલ્લિ** એ દાર્દનલ્સ ઉપર બંદર છે. **મુ૦ પર્વતો—કાર્પેથિઅન** પર્વત તુર્કસ્તાન અને હુંગરિને જુદા પાડેછે. **બાલ્કન** અને **ઓલિમ્પસ. મુ૦ નદીઓ ડાન્યુબ** એ નદી આસ્ત્રિઆ અને હુંગેરિમાં થઇને તુર્કસ્તાનમાં વહી કાળા સમુદ્રને મળેછે. **સેવ** અને **પ્રુથ** એ બે ડાન્યુબને મળનારી નદીઓ છે. **મુ૦ બેટો—ક્રીત** અને **લેમનોસ. મુ૦ સામુદ્રધુનીઓ—દાર્દનલ્સ** (અથવા હેલેસ્પોંટ) એ આર્કિપેલેગો અને મામોરા સમુદ્રને જોડેછે અને **બાસફરસ** મામોરા સમુદ્ર અને કાળા સમુદ્રને જોડેછે. **મુ૦ અખાત—સાલોનિકા. વેપારની મુ૦ જનસો**—ઉન, મેવો, ગુલાબનું અતર, રેશમ, ચામડાં, તમાકુ, ઇત્યાદિ.

ગ્રીસ.

મુ૦ શેહેરો—આથન્સ એ રાજધાની; **કોરીંથ** એ કોરીંથની સંયોગીભૂમિની પાસે છે. **સ્પાર્ટા** અને **કોરફુ**. **મુ૦ બેટો**—**આર્વોનયન** બેટો. **મુ૦ ભૂશીર—માતાપાન**. **મુ૦ સંયોગીભૂમિ** કોરીંથની સંયોગીભૂમિ એ ઉત્તર ગ્રીસ અને મોરીઆને જોડેછે. **મુ૦ અખાત પત્રાસ લીપાં**તો અને **ઈજીના**. વેપારની મુ૦ જનસો—તેલ, સીસું વગેરે.

પ્રકરણ ૭ મું.

આફ્રિકા ખંડ.

એ એક મોટો દ્વીપકલ્પ છે; એની ઉત્તરે; ભૂમધ્ય સમુદ્ર તથા તેની પેલીમેર યુરોપ ખંડ છે. તેની પશ્ચિમે, આટલાન્ટિક મહાસાગર; તથા દક્ષિણે દક્ષિણ મહાસાગર છે; અને પુર્વે હિંદી મહાસાગર, લાલ સમુદ્ર, અને એની તથા એશિયાની વચે સ્વેઝની સંયોગીભૂમિ છે. આફ્રિકાની ઉત્તર તરફનાં લોકો ઘણું કરીને મુસલમાન છે, હબશી દેશમાં કંઇક ઇસાઇલનો તથા ખ્રિસ્ટિ ધર્મ છે. પશ્ચિમ તરફનાં લોકો રંગે કાળા તથા જાડા હોઠના, તથા ઉન સરખા નિમાલાવાળા સિદી છે. તેમનાં રાજ્યમાં કશો બંદોબસ્ત નથી અને સઘળે ઠેકાણે બખેડા તથા તોફાન ઘણું હોય છે. તેઓ ઘણું કરીને મૂર્તિના પુજારી છે.

આફ્રિકા ખંડ માંહેલા દેશ.

૧. ઇજીપ્ત અથવા મિસર દેશ.	૫. પૂર્વ આફ્રિકા.
૨. બાર્બરી સંસ્થાનો.	૬. આબિસિનિયા.
૩. પશ્ચિમ આફ્રિકા.	૭. ન્યુબિયા.
૪. દક્ષિણ આફ્રિકા.	૮. મધ્ય આફ્રિકા.

ઇજીપ્ત દેશ.

એના ત્રણ પ્રાંત કરેલાછે.—ઉપલું ઇજીપ્ત, મધ્ય ઇજીપ્ત, અને હેઠલું ઇજીપ્ત. **મુ૦ શેહેરો—કેરો,** એ નીલ નદી ઉપર છે; તથા એ આખાં ઇજીપ્તની રાજધાની છે. **આલેકઝાંદ્રીયા,** એ ભૂમધ્ય સમુદ્રના કાંઠા ઉપર એક મોટું બંદર છે. સ્વેઝ, એ લાલ સમુદ્ર ઉપર મોટું બંદર છે. **મુ૦ નદીઓ**—નીલ નદી, એ આબીસિનિયાના પહાડોમાંથી નિકળીને આગળ ભૂમધ્ય સમુદ્રને મળેછે. ઇજીપ્ત દેશમાં વરસાદ થોડો આવેછે, પણ એ નદીમાં વરસો વરસ પૂર આવેછે, તેણે કરીને ખેતીનું કામ થાયછે. **મુ૦ સંયોગીભૂમીઓ**—સ્વેઝની સંયોગીભૂમી, જ્યાં હાલ નેહેર બાંધીછે. ઇજીપ્ત દેશ પેહેલાં ઘણો નામીચો હતો, તેમાં ઘણાં રાજ્યોની ઉથળપાથળ થઇને હાલમાં તે તુર્કી લોકોને તાબે છે. **વેપારની મુ૦ જનસો**—ધાન્ય, તમાકુ, રૂ, કપાસ વગેરે.

બાર્બરી સંસ્થાનો.

એમાં ચાર સંસ્થાન છે. ત્રીપોલી, ટયુનીસ, આલજીअर्स અને મોરાક્કો. **મુ૦ શેહેરો**—ત્રીપોલી એ ત્રીપોલીનું

મુખ્ય શેહેર. ટયુનીસ એ ટયુનીસનું મુખ્ય શેહેર. આલજી-અર્સ એ આલજીઅર્સ પ્રાંતનું મુખ્ય શેહેર. મોરાક્કો એ મોરાક્કોનું મુખ્ય શેહેર. **મુ૦ પર્વત—આટલાસ પર્વત, મુ૦ અખાત—શીદ્રા** અને **કેબીઝ. મુ૦ ભુશીર—બોન** અને **રુપાર્ટેલ. વેપારની મુ૦ જનસો**—ચામડાં, રૂપું, તાંબું, ધાન્ય, તમાકુ, સેરડી, ઈત્યાદી.

પશ્ચીમ આફ્રિકા.

એમાં ત્રણ પ્રાંત છે. સેનિગામબિઆ, ઉતર ગિની, અને દક્ષિણ ગિની; **મુ૦ શેહેર—ફ્રી ટાઉન** ઈત્યાદી. **મુ૦ પર્વત—કોંગ** અને **કેલબોંગો પર્વત. મુ૦ નદીઓ—નૈજર** એ કોંગ પર્વતમાંથી નીકળીને ગિનીના અખાતને મળેછે. **સેનિગાલ** અને **ગ્યામ્બિઆ,** એ પણ કોંગ પર્વતમાંથી નિંસરીને આટલાન્ટીક મહાસાગરને મળેછે. **મુ૦ આખાત—ગીનીનું આખાત. મુ૦ ભુશીર—લોપઝ** અને **કેપવર્ડ. વેપારની મુ૦ જનસો**—સોનાની માટી, હાથીદાંત, અબનુસ, શાહમૃગનાં પીછાં, કસ્તુરી વગરે.

દક્ષિણ આફ્રિકા.

એમાં ચાર પ્રાંત છે. કેપ કાલાની, નેટલ, કફ્રેરયા અને બેચુઆના. **મુ૦ શેહેર—કેપટાઊન** અને **ગ્રેહમ-ટાઊન,** એ કેપ કાલોનીમાં છે. નેટલમાં પોર્ટ નેટલ. **મુ૦ નદી—આરેંજ,** આટલાન્ટીક મહાસાગરને મળેછે. **મુ૦ ભુશીર—કેપ આવ ગુડ હોપ. વેપારની મુ૦ જનસો**—ધાન્ય, મેવા અને દ્રાક્ષનો દારૂ.

પૂર્વ આફ્રિકા.

એમાં ચાર પ્રાંતો છે. સોફાલા, મોઝંબિક જંગબાર અને એજાન. **મુ૦ શેહેરો—સોફાલા, મોઝમબિક, અને મોંબસ.** એ સીવાય બાબેલમાંડેબની સામુદ્રધુની આગળ ઝૈલા બંદર છે. **મુ૦ પર્વત—લુપાટા પર્વત. મુ૦ નદી—ઝાંબેઝી** એ હિંદી મહાસાગરને મળેછે. **મુ૦ સામુદ્રધુની મોઝાંબિકની,** એ મોઝાંબિક અને માદાગાસ્કરની વચે છે. **મુ૦ ભુશિર—ગ્વાર્ડફુઈ** એ આફ્રિકાનું છેક પૂર્વ બિંદુ છે. **મુ૦ બેટ—જંગબાર.** એ સીવાય પૂર્વ તરફ હિંદી મહાસાગરમાં માદાગાસ્કર, મોરિશીયસ, અને બુરબો વગેરે બેટો છે.

આબિસિનિયા.

મુ૦ શેહેર—ગોંડર, અને માસુઆ. **મુ૦ પર્વત—આબિસિનિયાનો પર્વત. મુ૦ નદી—બ્લુ નદી.** અને ટાકાઝે નદી. **મુ૦ સરોવર**—ડેંબિયા. **વેપારની** મુ૦ જનસો—ધાન્ય અને મેવો.

ન્યૂબિયા.

એમાં ત્રણ પ્રાંત છે. **ન્યુબિયા, દોંગોલા,** અને **સેનાર. મુ૦ શેહેર—સેનાર,** બ્લુ નદી ઉપર; અને શેંડી નીલ નદી ઉપર છે. **મુ૦ નદી,—બ્લુ નદી, નીલ** અને **આટાબુરી.**

મધ્ય આફ્રિકા.

એના ત્રણ ભાગ છે. સહરા અથવા રેતીનું મેદાન-સૌડાન અને દક્ષિણ તરફનું ઉજડ મેદાન. **મુ૦ શેહેર**–

સેગોતે નૈઝર નદી પર, ટિંબકતુ અને કોબી. મુ૦ પર્વત—ચંદ્ર પર્વત મુ૦ નદી નૈઝર.

આફ્રિકાને લગતા બેટો.

મદેરા બેટ—એમાં દ્રાક્ષનો દારૂ સારો થાયછે. કાનેદી બેટ,—એમાં **મુખ્ય** ટિનેરિફ છે, તેમાં એક મોટો જવાળામુખી પહાડ છે. ફર્નાન્ડોપો, સેન્ટહેલીના, માદાગાસ્કર, બુર્બો.

પ્રકરણ ૮ મું.

અમેરિકા ખંડ.

અમેરિકા ખંડની પશ્ચિમ સીમાએ પાસિફિક મહાસાગર છે, પૂર્વે આત્લાંતિક, ઉત્તરે ઉત્તર મહાસાગર, અને દક્ષિણે દક્ષિણ મહાસાગર. અમેરિકાનાં વાય્ય કોણની પાસે એશિયાખંડ છે. એ ખંડોની વચ્ચે બેહરિંગ નામે સામુદ્રધુની છે. અમેરિકાના બે ભાગ કરાય; **ઊત્તર અમેરિકા** અને **દક્ષિણ અમેરિકા,** પાનામાની સંયોગીભૂમિથી એ બે સંધાયલા છે. પૂર્વે અમેરિકામાં ઇન્દિઅન લોક વસતા; પણ ઇ. સ. ૧૪૯૨ માં કોલમ્બસને એ ખંડ જડયો ત્યાર પછી યુરોપથી એમાં વસવા આવનારી વધતી સંખ્યાએ કરીને એ જુની પ્રજા નાશ પામીછે. કાનેદામાં અને યુનૈટેડ સ્ટેટસમાં વસેલા યુરોપીયન લોક ઘણું કરીને ઇંગ્રેજી ભાષાં બોલેછે, અને અમેરિકાના બાકીના ભાગમાં જઇ વસેલા લોક ઘણું કરીને સ્પેન કે પોર્તુગાલની બોલી બોલેછે.

ઊત્તર અમેરિકા.

સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર; પશ્ચિમે બેહરિંગની સામુદ્રધુની અને પાસિફિક મહાસાગર; દક્ષિણે પાસિફિક

મહાસાગર અને પનામાની સંયોગીભૂમિ; દક્ષિણ પૂર્વે કારિબિયન સમુદ્ર, મેક્સિકો અખાત, તથા આત્લાંતિક મહાસાગર. **દેશો—કાનેદા ઈલાકો, યુનૈટેડ સ્તેત્સ, મેક્સિકો,** અને **મધ્ય અમેરિકા. મુ૦ પર્વત—રાકી** પર્વત, ઉત્તર અમેરિકામાં ઉત્તરથી દક્ષિણ દિશાએ પડેલોછે. **મુ૦ સમુદ્ર** ઉત્તર અને દક્ષિણ અમેરિકાની વચ્ચે **કારિબયન** સમુદ્ર.

કાનેદા ઈલાકો.

એમાં સાત પ્રાંત છે—**આન્તારિઓ, કિવબેક, નોવા સ્કોશિઆ, ન્યુબ્રન્સ્વિક, માનિતોબા, બ્રિટિશ કોલમ્બિયા,** અને **પ્રિન્સ એદ્વર્દ બેટ. મુ૦** શેહેર ઓતાવા નદીને કાંઠે **ઓતાવા** શેહેર છે; ઓતાવા અને સેન્ટ લારેન્સ નદીઓના સંગમ પર **માંત્ર યાળ** તથા સેન્ટ લારેન્સ નદીને કાંઠે **કિવબેક** શેહેર છે. **સેન્ટ જાન, હાલિફ્રાક્સ** અને **તોરાંતો. મુ૦ પર્વત—રાકી** પર્વત ઉત્તર મહાસાગરથી માંડીને યુનૈટેડ સ્ટેટસની સરહદ સુધી કાનેદા ઈલાકાને પશ્ચિમ ભાગે આવેલો છે. **મુ૦ નદીઓ—સેન્ટ લારેન્સ** આત્લાંતિકને મળે છે; **માકેન્ઝી,** ઉત્તર મહાસાગરને મળે છે. **મુ૦ સરોવર—સુપીરીઆર, હુરોન, એરી** અને **આંતારિઓ. મુખ્ય ઉપસાગરો** અને **અખાત—બાફ્રિન** ઉપસાગર ગ્રીનલાંડની પશ્ચિમે છે; **હડસન,** ઉપસાગર કાનેદા ઈલાકાની ઉત્તરે છે; **ફ્રુન્દી** ઉપસાગર, ન્યુબ્રન્સ્વિક તથા નોવાસ્કોશિઆની વચે છે. **સેન્ટલારેન્સ** અખાત, કાનેદા ઈલાકાની અને ન્યુફ્રાન્દલાંડ બેટની વચે છે. **મુ૦ સામુદ્રધુનીઓ—બેલીઅલ** ન્યુફ્રાન્ડલાંડ બેટ અને

લાબ્રદોરની વચ્ચે છે; **દેવિસ** એ બાફિન અને આત્લાંતિકને સાંધેછે; **બારો** તથા **સ્મિથ** એ બે બાફિન અને ઉત્તર ભણીના દરિયાને જોડેછે; **હુદસન** આત્લાંતિક અને હુદસન ઉપસાગરને સાંધેછે. **મુ૦ ભૂશિર ચદલી** અને **સેબલ. મુ૦ દ્વીપકલ્પ નોવાસ્કોશિઆ** એ કાનેદા ઈલાકાની અગ્નિકોણમાં છે. **મુ૦ બેટો પ્રિન્સ એદ્દર્દ** બેટ, **બોનકુવર** બેટ, **આંતિકાસ્તિ** અને **કેપ બ્રિતન. મુ૦ વેપારની જનસો**—અનાજ, માછલાં, અને ચામડાં. બ્રિટિશ કોલમ્બિયામાં સોનાની ખાણો છે.

યુનૈટેડ સ્ટેટસ.

દુનિયાનાં મોટામાં મોટાં રાજ્યોની પંક્તિમાં આ પ્રજાસત્તાક રાજ્ય ગણાયછે. એમાં હાલ ૩૭ સંસ્થાનો છે. **મુ૦ શેહેરો—વાશિંગટન** એ રાજધાની, પોતોમાક નદી ઉપર છે. **ન્યુયાર્ક; બ્રુકલિન; ફિલાદેલફિયા;** મિસુરી નદીને તીરે **સેંતલુઈસ;** મિચીગાન સરોવરને કાંઠે **ચિકાગો; બાલ્તિમોર; બોસ્તન;** મિસીસીપી નદી પર **ન્યુઆર્લિયન્સ;** કાલીફોર્નિયામાં **સાન ફ્રાન્સિસ્કો; મુ૦ પર્વતો—રાકી** પર્વત અને **અલીગાની** પહાડ. **મુ૦ નદીઓ મિસીસીપી** એ સુપરીઆર સરોવરમાંથી નીકળેછે. રાકી પર્વતમાં ઉત્પન્ન થનારી મિસૂર નદી, અલીગાની પહાડમાંથી નીકળનારી **ઓહિઓ** નદી, **રિઓ ગ્રાંદદલ** નાર્ત નદી, રાકી પર્વતમાંથી નીકળેછે. **રિઓ કોલોરાદો** એ કાલિફાર્નિયાના અખાતને મળેછે; **હડસન** નદી, **દેલાવેર** નદી, **સ્કેહાના** નદી, **કનેટિકત** નદી, ઈત્યાદિ. **મુ૦**

સરોવર—મીચીગાન, અને **સાહ્લત. મુ૦ ઊપસાગરો દેલાવેર** અને **ચેસાપીક. મુ૦ ભૂશિરો—કાદ, હાતેરાસ, સેબલ**, તથા **પ્લાતરી. મુ૦ દ્વીપકલ્પો—પ્લારિદા**, અને **આલિયાસ્કા. મુ૦ બેટો**—લાંગ બેટ અને આલુશિયન. **મુ૦ વેપારની જનસો**—રૂ, તમાકુ, ચોખા વગેરે. વર્જિનિયા પ્રાંતનો તમાકુ અને જારજિયા તથા કારોલૈન-પ્રાંતોના ચોખા વખાણવાજોગ ગણાયછે. કાલિફાર્નિયાની અને તેની પાસેનાં સંસ્થાનોની જમીનમાંથી સોનું પુષ્કળ નીકળેછે, અને ઘણાંખરાં સંસ્થાનોમાં કોયલા, લોઢું, ઇત્યાદિ જડેછે.

મેકિસકો.

એ પ્રજાસત્તાક રાજમાં ૨૭ સંસ્થાનો છે. **મુ૦ શેહેરો મેકિસકો** એ રાજધાની છે; **વેરાક્રુથ**, તામ્પિકો અને આકાપુલકો. **મુ૦ પર્વત—રાકી. મુ૦ નદી—રિઓ ગ્રાન્દદલનાર્ત** એ મેકિસકો અખાતમાં જાયછે. **મુ૦ અખાતો—મેકિસકો** અને **કાલિફાર્નિયા. મુ૦ દ્વીપકલ્પો—યુકાતાન**, અને **નીચલો કાલિફાર્નિયા. મુ૦ વેપારની જનસો**—રૂપું, ત્રાંબું, કીરમજ, અને ચામડાં.

મધ્ય અમેરિકા.

મેકિસકોની દક્ષિણે મધ્ય અમેરિકા છે. એમાં પાંચ પ્રજાંસત્તાક રાજ્યો અને એક ઇંગ્રેજી સંસ્થાન છે. એ રાજ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

સંસ્થાન.	**મૂખ્ય શેહેર.**
ગ્વાતેમાલા.	નવું ગ્વાતેમાલા.
ઇંગ્રેજનું હાંદુરાસ.	બેલાજ.
હાંદુરાસ.	કોમાયાગુવા.
સાનસાલ્વાદોર.	સાનસાલ્વાદોર.
નિકારાગુવા.	માંનાગુવા.
કોસ્તારિકા.	સાંજોસે.

મધ્ય અમેરિકામાં મુખ્ય સરોવર **નિકારાગુવા** છે. **મુ૦ અખાત—હાંદુરાસ** છે.

દક્ષિણ અમેરિકા.

દેશો.	**રાજધાની.**	**દેશો.**	**રાજધાની.**
કોલંબિયા	..બોગોતો.	બોલિવિયા	..ચોરૂરો.
વેનેજ્યુઇલા	..કારાકાસ.	ચિલી	....સાંતિયાગોદેચીલી.
એક્વાદોર	..કીતો.	લાપ્લાતા	..બુએનોસએર્સ.
ગિયાના	....જ્યાર્જ ટાઉન.	પારાગુવાઈ	..આસેન્સન.
બ્રાઝિલ	....રીયુંદો જેનેરો.	ઉરૂગુવાઈ	..માન્તેવિદિઓ.
પીરૂં	......લીમા.	પાતાગોન્યા	....

મુ૦ નદીઓ—માગદાલના, ઓરીનોકો, એસકીબો, એમેઝોન, પારાના, ઇત્યાદિ. **મુ૦ પર્વતો**—કોતોપાહી, ચિંબોરોથો, અને આંદેજ. **મુ૦ અખાત**—દારીયન અને પનામા. **મુ૦ ભુશીર**—સેંટરાક. **મુ૦ સરોવર**—મારાકાઇબો અને તિતિકાકા. **વેપારની મુ૦ જનસો**—રૂ, ખાંડ, ઇત્યાદી.